॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

મે ૨૦૧૫

રૂા. ૫/૦૦


## સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

### ધામધૂમથી સંપન્ન થઈ – ભુજ



**નેપાલમાં ભુકંપગ્રસ્ત લોકોની વહારે ભુજ મંદિર**
**લોકોને વાસણ, કપડાં, ખાદ્ય સામગ્રીનો સંતો દ્વારા વિતરણ**

# શ્રી ઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી પાટોત્સવ, સુવર્ણ દ્વાર તથા અક્ષરભુવન ઉદ્‌ઘાટન મહોત્સવ ધામધૂમથી ઉજવાયો-માંડવી













# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥ ૫

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક







### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

---

**દેશમાં**

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૧ કુલ્લ અંક ૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૫ અંક - ૫ - મે – ૨૦૧૫
સળંગ અંક - ૩૫૩

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**

અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**

સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**

શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**

શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.

ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org

**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

આપણા સંપ્રદાયની આગવી વિશેષતા એ રહી છે કે ધર્મ-ભક્તિની સાથે પરંપરાગત ભારતીય સંસ્કારોનું જતન અને સંવર્ધન કરવાની સાથે સર્વજનહિતાય જીવમાત્રનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવી. ગયા માસે શ્રીનરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે યોજાઈ ગયેલા જ્ઞાનયજ્ઞની સાથે સંસ્કારયજ્ઞ અને આરોગ્યયજ્ઞ વિષે આ અંકમાં પ્રકાશ પાડ્યો છે. સંસ્કારોની વાત આવે છે ત્યારે એક હૃદયસ્પર્શી વાંચેલી વાત પ્રસ્તુત છે.

એક રાતે એક યુવક ઊંઘમાંથી સફાળો જાગી ગયો, જોયું તો સામે યમદેવ ઊભા હતા. વંદન કરીને પૂછ્યું કે અહીં આવવાનું આપનું પ્રયોજન શું છે ? યમદેવે કહ્યું કે હું તારી માતાને લેવા આવ્યો છું. જવાબ સાંભળતા યુવક બેબાકળો બની ગયો, તેની આંખોમાંથી અશ્રુધારા વહી નીકળી. હાથ જોડીને યમદેવને આજીજી કરતાં કહ્યું કે આપ એમ કરો, મારી માતાને બદલે મને લઈ જાઓ. આપને માટે આ શક્ય છે. યમદેવ યુવકની માતૃભક્તિ અને માતૃપ્રેમથી પ્રભાવિત થયા. મરક મરક હસતાં કહ્યું કે વત્સ, હવે એ શક્ય નથી. હું તને જ લેવા આવ્યો હતો પરંતુ તે પહેલાં મને તારી માતાએ રોકીને મને એવો વિવશ કરી દીધો કે હવે તારા બદલે તારી માતાને લઈ જઈશ.

આવી છે માની મમતા. વિશ્વમાં જો કોઈ નિઃસ્વાર્થ પ્રેમ હોય તો તે માતાનો પ્રેમ છે. તેથી જ કહ્યું છે માતૃદેવો ભવ. અફસોસની વાત છે કે માતા-પિતા-વૃધ્ધો-વડીલો-ગુરુ પ્રત્યેની નિષ્ઠા, આદર, પ્રેમ અને જવાબદારીથી આજનો યુવક વિમુખ થતો જાય છે. વૈભવના મૃગજળ પામવા માટે વ્યસ્ત રહેતો યુવક જાણતો નથી કે આ તો સમયનો વ્યય છે કારણ કે આ બધું વ્યર્થ છે. નવ માસ સુધી પોતાની કુખમાં રાખનાર માતાને નવ દિવસ સુધી પોતાની સાખે રાખવા તૈયાર ન હોય તેવા યુવાનોની સંખ્યા વધતી જાય છે. અધોગતિના માર્ગે જતા યુવાધનને સાચી દિશા તરફ વાળવાના હેતુથી જ સંસ્કાર શિબિરનું આયોજન થાય છે. પરંપરાગત મૂલ્યો અને ધર્મગ્રંથો-શાસ્ત્રોમાં દર્શાવાયેલ માર્ગો પ્રતિ દૃઢ સમર્થન વ્યક્ત કરીને યુવાધનને આત્માજ્ઞાનના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપી પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ આવા સંસ્કારયજ્ઞોમાં કરવામાં આવે છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં માતા-પિતાની સેવા કરવાની સાથે રોગાતુર મનુષ્યની સેવા જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવાની આજ્ઞા આપેલી છે.

यावंज्जीवं च शुश्रूषा कार्या मातु : पितुर्गुरो ।

रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

શ્રી સ્વામિનારાયણ ભગવાને વર્ણીવેશે વિચરણ દરમ્યાન સેવકરામની સેવા કરી તે વાતથી સૌ સુવિદીત છે.

માંડવીમાં અને ત્યારબાદ ભુજમાં આપણા મંદિર દ્વારા 'આરોગ્યયજ્ઞ' યોજાયા તેની વિગત પણ આ અંકમાં છે. તન અને મનથી કુદરત સાથે સંતુલિત રહીને જીવન જીવવાના નિયમો સર્વ પ્રથમ ભારતમાં રચાયા, એ વાતનું આપણને ગૌરવ હોવું જોઈએ. જેમ તનની શુધ્ધિ માટે સ્નાન, સાત્ત્વિક આહાર અને નિર્દોષ ઔષધિઓ આવશ્યક છે. તેમ મન, હૃદય અને આત્માની શુધ્ધિ અર્થે ભક્તિ અનિવાર્ય છે.

સબકો સન્મતિ દે ભગવન ! જયશ્રી સ્વામિનારાયણ.

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૪૨

લેખક : ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી



પુરુષસૂક્તમાં સર્ગવિદ્યાનો ક્રમ કેવી રીતે છે તે જોઈએ.

"सहस्त्रशीर्षा पुरुषः । सहस्त्रक्षः सहस्त्रपात् । स भूमिं विश्वतो वृत्वा । अत्यतिष्ठद्शाङ्गुलम् ॥ पुरुषः एवेद सर्वम् । यद्भूतं यच्च भव्यम् । उतामृतत्वस्येशानः यदन्नेनातिरोहति । एतावानस्य महिमा । अतो ज्यायाश्च पूरुषः" । પુરુષસૂક્તમાં સહસ્રશીર્ષ, સહસ્રાક્ષ, સહસ્રપાદ જોવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ ચૈતન્યસ્વરૂપ પરમાત્મા સબંધી છે. જે પરમાત્મા પરમપુરૂષ સર્વને અતિક્રમીને દશ આંગળ અધિક છે. જે કાંઇ દેખાય છે. જે કાંઇ ભવિષ્યમાં દેખાવાનું છે તે બધુ પુરુષ છે. ત્રણ પાદથી તે પુરુષ પરાત્પર છે અને એક ચતુર્થપાદમાંથી આ દેખાતું સમગ્ર બ્રહ્માંડ અસ્તિત્વ ઉત્પન્ન થાય છે. તેમાંથી વિરાટ પુરુષ અને સમગ્ર ચરાચર બ્રહ્માંડ ઉત્પન્ન થયું. આ સૃષ્ટિની ઉત્પન્ન થઈ. સમગ્ર આ સૃષ્ટિની સર્જનપ્રક્રિયા એક યજ્ઞસ્વરૂપ છે. આ સર્જનયજ્ઞમાં દેવોએ પુરુષોનો હવિરૂપે હોમ કર્યો. તે યજ્ઞમાં વસંત આજપરૂપે. ગ્રીષ્મ ઇંધ્મ અને શરદ હોમ રૂપે બન્યા. તે યજ્ઞમાંથી સર્વે પ્રાણીઓ અને વેદો પ્રગટ્યાં.

"ब्राह्मणोऽस्य मुखमासीत् । बाहू राजन्यः कृतः । उरु तदस्य यद्वैश्यः । पद्भ्यासूद्रो अजायत" । તે હવિરૂપ પરમપુરુષ તેના મુખમાંથી બ્રાહ્મણો. બાહુમાંથી ક્ષત્રિયો. સાથળમાંથી વૈશ્યો અને પગમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા.

"चन्द्रमा मनसो जातः । यक्षों सूर्यो अजायत । मुखादिन्द्रश्चाग्निश्च । प्राणाद्वायुरजायत" । તે પુરુષના મનમાંથી ચંદ્રમા, ચક્ષુમાંથી સૂર્ય, મુખમાંથી ઈન્દ્ર અને અગ્નિ, શ્વાસમાંથી વાયુ, નાભિમાંથી અંતરીક્ષ અને કર્ણમાંથી દિશાઓ જન્મી.

"यज्ञेन यज्ञमयजन्त देवाः । तानि धर्माणि प्रथमान्यासन् । ते ह नाकं महिमानः सचन्ते" । દેવોએ જે આદિયજ્ઞ કર્યો તેમાંથી ધર્મ અને સદાચાર જન્મ્યા અને તે યજ્ઞ વડે જ દેવો મહિમાવંત બન્યા. ઋગ્વેદમાં અઘમર્ષણસૂક્ત (૧૦-૧૯૦)માં પણ સૃષ્ટિસર્જનનું વર્ણન છે.

બીજા ઉપનિષદોમાં પણ અનેક સ્થાને સૃષ્ટિના સર્જનનું વર્ણન જોવા મળે છે પરન્તુ તેમાંથી સૌથી સ્પષ્ટ અને વિસ્તાર પૂર્વક સૃષ્ટિસર્જનનું વર્ણન આ ઐતરિયોપનિષદમાં જોવા મળે છે, આ ઉપનિષદમાં સૃષ્ટિસર્જનવિષે કેટલાક પ્રશ્નો સાથે સૃષ્ટિપ્રક્રિયાને સમજવાનો પ્રયત્ન કરશું.

## બ્રહ્મવિદ્યાન્તરગત - સર્ગવિદ્યા

પ્રથમ ખંડ

સૃષ્ટિની ઉત્પત્તિ

આ પરિદૃશ્યમાન સૃષ્ટિ (જગત)નું કારણ કોણ છે ? કર્તા કોણ છે ? નિયામક કોણ છે ? પોષક કોણ છે ? વગેરે જિજ્ઞાસાઓનું નિર્ણયાત્મક સમાધાન આ ઉપનિષદ્‌માં આપવામાં આવ્યું છે.

પહેલા ખંડમાં જગતની ઉત્પત્તિનો ક્રમ વર્ણવામાં આવ્યો છે. - ''आत्मा वा इदमेक एवाग्र आसीत् । नान्यत् किञ्चन मिषत् ।'' આ પરિદૃશ્યમાન જગત સૃષ્ટિના પહેલાં એક જ પરમાત્મા નિશ્ચિત્ હતા પરમાત્મા સિવાય નામરૂપને પામેલું આ દેખાતું પંચભૂતાત્મક જગત કંઈ પણ ચેષ્ટા કરનારૂં ન હતું. ''स ईक्षत लोकान्नु सृजा इति । स इमान् लोकानसृजत ।'' પરમાત્માએ સૃષ્ટિ રચવાનો નિશ્ચય કર્યો કે હું લોકોની રચના કરૂં, આ પ્રમાણે વિચાર કરીને તેમણે ક્રમશઃ ચાર લોકો સર્જ્યા. ''अम्भ मरिचीर्मरमापोऽदोऽम्भः परेण दिवं द्यौः प्रतिष्ठाऽन्तरिक्षं मरीचयः पृथिवी मरो या अधस्तात्ता आपः ।'' - અમ્ભ, મરીચ, મર અને આપ ની રચના કરી. સ્વર્ગથી ઉપર જેટલા લોક છે જેમ કે - મહઃ જનઃ તપઃ સત્ય અને દ્યુલોક આને અંભ કહેવાય છે. તેમજ સૂર્ય, ચંદ્રમા, તારાઓ જેવા પ્રકાશમાન (કિરણમય) લોકોને જે અંતિરિક્ષમાં વિદ્યામાન છે તેને મરીચિ નામથી કહેવાય છે. આપણો આ પૃથ્વીલોક જેને મૃત્યું લોક પણ કહેવાય છે કારણ કે બધી વસ્તુ નાશવંત છે નશ્વર છે તેથી આને મર કહેવાય છે, અને પૃથ્વીથી નીચે જે પાતાળાદિ લોકો છે તેને આપ અર્થાત્ જળની સંજ્ઞા આપવામાં આવી છે. અમ્ભ અને મરીચિ અંતરિક્ષમાં હોવાને કારણે તે બન્ને સ્વર્ગ તેમજ મર ને પૃથ્વી અને આપ ને પાતાળ એમ ત્રણ લોક થયા અર્થાત્ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એમ ત્રણ લોકની રચના કરનાર પરમાત્મા છે તેથી પરમાત્માને ત્રિલોકીનાથ કહેલા છે.

વાચો વચનામૃત ગ.પ્ર.૧૩મું જેમાં શ્રીજી મહારાજે કહ્યું પરમાત્મા પોતાની બે શક્તિ પુરુષ અને પ્રકૃતિ દ્વારા જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે, અર્થાત્ પરમાત્મા સર્વેનું કારણ છે.

આ પ્રમાણે ત્રણે લોકોની રચના કર્યા પછી પરમાત્માએ ફરીથી વિચાર કર્યો તેની રક્ષા માટે લોકપાલોની રચના કરવી જોઈએ આ પ્રમાણે વિચારીને પંચીકૃતભૂતોથી પુરુષાકૃતિવાળા પુરુષને (હિરણ્યગર્ભને) સંકલ્પમાત્રથી ઉત્પન્ન કરીને સ્વાનુપ્રવેશ સાથે લોકપાલોની રચના કરી. ''स ईक्षत इमे नु लोका लोकापालान्नु सृजा इति ।'' પરમાત્માએ હિરણ્યપુરુષનું સર્જન કરીને તેમના શરીરમાં ઈંડાની જેમ ફુટીને મુખ છીદ્ર બન્યું. મુખથી વાણી ઉત્પન્ન થઈ અને વાક્ ઈન્દ્રિયથી અગ્નિ પ્રગટ થયો. ત્યારપછી છિદ્ર સહિત બન્ને નાસિકા ઉત્પન્ન થઈ. તેમાંથી પ્રાણવાયુ ઉત્પન્ન થયો અને પ્રાણોથી વાયુદેવતાની ઉત્પત્તિ થઈ. ત્યારપછી બન્ને આંખો પ્રગટ થઈ તેમાંથી દૃષ્ટિ ઉત્પન્ન થઈ અને દૃષ્ટિથી સૂર્ય દેવતાની ઉત્પત્તિ થઈ. ત્યારપછી બે કાન ઉત્પન્ન થાય અને શ્રોત્ર ઈન્દ્રિયોથી તેમના દેવતા દિક્પાલ અર્થાત્ દિશાઓના પાલકની પ્રગટ થઈ. ત્યારપછી ચર્મ (ચાંબડી) ત્વચા ઉત્પન્ન થઈ તેનાથી રોમ (કેશ) ઉત્પન્ન થયા અને તેનાથી ઔષધિઓ અને વનસ્પતિ પ્રગટ થઈ. ત્યારપછી હૃદય પ્રગટ થયું હૃદયથી મન અને મનથી તેમના અધિષ્ઠાતા દેવતા ચન્દ્રમાની ઉત્પત્તિ થઈ. ત્યારપછી નાભિ નો પ્રાદુર્ભાવ થયો અને નાભિથી અપાનવાયુ અને અપાનવાયુથી મૃત્યુ દેવતાનો જન્મ થયો. અંતમાં લિંગ પ્રગટ થયું અને તેનાથી રેતસ્ (વીર્ય) ની ઉત્પત્તિ થઈ અને વીર્યથી જળ દેવતાની ઉત્પત્તિ થઈ.

દ્વિતીય ખંડ : માનવ શરીરના વિભિન્ન ભાગોમાં દૈવીય શક્તિઓનો પ્રવેશ અને સ્થિતિ.

ઉપરોક્ત વર્ણિત પરબ્રહ્મ દ્વારા રચિત બધા દેવતાઓ સંસારરૂપી બ્રહ્માંડમાં આવ્યા ત્યારપછી તે પરમાત્માએ તેઓમાં ભૂખ અને તરસની વેદના પણ ઉત્પન્ન કરી. હવે ભૂખ અને તરસથી દુઃખી થયેલા દેવતાઓ પરબ્રહ્મ પરમાત્માની પ્રાર્થના કરી હે પ્રભુ ! અમે ભૂખ અને તરસથી બહુ દુઃખી છીએ તેથી દયા કરો કે અમે ભૂખ અને તરસ મટાળીએ અને સંતુષ્ટ

થઈએ. પરમાત્માએ આવી દેવતાઓની પ્રાર્થની સાંભળીને પરબ્રહ્મે તેઓને રહેવા માટે સૌ પ્રથમ ગાયનું શરીર રચ્યું અને રહેવા આપ્યું. ‘‘ताभ्यो गामानयत् ता अब्रुवन् न वै नोऽयमलमिति ।’’ ત્યારે દેવતાઓ તેને જોઈને કહ્યું, અમારા માટે આ પરિપૂર્ણ નથી. ત્યાર પછી ‘‘ताभ्योऽश्वमानयत् ता अब्रुवन् न वै नोऽयमलमिति।’’ પરમાત્માએ ઘોડાનું શરીર આપ્યું તેમાં દેવતાઓએ પ્રવેશ કરીને રહેવા લાગ્યા પરન્તુ તેને સુખ મળ્યું નહી તેથી પુનઃ પ્રાર્થના કરી ત્યારે પરમાત્માએ એક પછી એક પશુ, પક્ષી આદિક વિવિધ શરીરોમાં રહેવાનું કહેતા ગયા પરન્તુ દેવતાઓને સંતોષ થયો નહી તેથી પરમાત્માએ અંતમાં દેવતાઓ માટે માનવ શરીરની રચના કરી અને તેમાં આશ્રય લેવાનું કર્યું ત્યારે દેવતાઓ મનુષ્ય શરીરને જોઈને બોલ્યા વાહ! વાહ! આતો ઘણું સારૂં છે. ‘‘ ताभ्यः पुरुषमानयत् ता अब्रुवन् सुकृतं बतेति । पुरुषो वाव सुकृतम् । ता अब्रवीद्यथायतनं प्रविशतेति ॥’’ ખરેખર મનુષ્ય શરીર પરમાત્માની સુંદર રચના છે. પછી તે બધા દેવતાઓને પરમાત્માએ કહ્યું તમો પોત પોતાના યોગ્ય અંગોમાં દાખલ થઈ જાઓ. (ખરેખર મનુષ્ય શરીર દેવતાઓને રહેવાનું યોગ્ય સ્થાન છે) ક્રમશઃ

## લેર ભક્તિની લાગી...

લેર ભક્તિની લાગી સંતોને
 લેર ભક્તિની લાગી.
સંસાર સુખ દીધા ત્યાગી,
 સંતોને લેર ભક્તિની લાગી.
સંસાર સાગરે ચિત્ત ચોટ્યું નહિ,
 એને વાલા લાગ્યા વૈરાગી.
હાલ્યા સંતો હરિને ભજવા, (અને) ભક્તિ પ્રભુની માગી.
 સંતોને લેર ભક્તિની લાગી.
જપ ને તપનું જોર જમાવ્યું, સંતોથી માયા દૂર ભાગી.
હરિભજની આશ હૈયામાં, જોગીઓને જોરદાર જાગી.
 જોગીઓને લેર ભજનની લાગી.
સંપ્રદાયને શોભવ્યો સંતોએ, સંસાર બેઠા જલાવી.
દ્વાર દશમું ખુલી ગયું, (અને) આંતરિયે ઝાલરું વાગી.
 જોગીઓને લેર ભજનની લાગી.
જળકમળવત્ રહે સંતો, સહુની સાથે અનુરાગી.
સરખી દૃષ્ટિ રાખે સહુમાં, કાંઈ લીધું નહિ માગી.
 સંતોને લેર ‘શિક્ષણ’ની લાગી.
ઓળખનારાયે ઓળખી લીધા, જ્ઞાનથી ગયા છે જાગી.
‘ગુરુકુળ’માં સુવિધા મળતા, બાળકો બન્યા બડભાગી.
 સંતોને લેર ‘શિક્ષણ’ની લાગી.

પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી, રાજકોટ

## તા. ૧-૫-૨૦૧૫ થી ૩૧-૫-૨૦૧૫ સુધીની પારાયણો

| | |
|---|---|
| ૧-૫-૨૦૧૫ | ગામ કુંદનપુર શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર બહેનોનું મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ કથા સપ્તાહ પારાયણ |
| ૮-૫-૨૦૧૫ | ગામ સુખપુર શ્રી સ્વામિનારાયણ મંદિર વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પંચાહ્ન પારાયણ |
| ૯-૫-૨૦૧૫ | ગામ કેરાના કરસન ધનજી ગામી-ભુવા તથા કાનજી મુરજી વેકરીયા બન્ને પરિવાર દ્વારા સયુંકત કથા પંચાહ્ન પારાયણ |
| ૧૦-૫-૨૦૧૫ | ગામ કોડકીના હીરજી વાલજી કેરાઈ તરફથી કથા પંચાહ્ન પારાયણ |
| ૧૨-૫-૨૦૧૫ | ગામ મદનપુરના કથા પંચાહ્ન પારાયણ |
| ૧૫-૫-૨૦૧૫ | ગામ માનકુવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા પંચાહ્ન પારાયણ |
| ૧૮-૫-૨૦૧૫ | ગામ માધાપર શ્રી સ્વામિનારાયણ મંદિર વાર્ષિક પાટોત્સવ નિમિતે ત્રિ-દિવસીય પારાયણ |
| ૨૦-૫-૨૦૧૫ | ગામ ભચાઉના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પંચાહ્ન પારાયણ દિવસ |

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## સંસ્કારયજ્ઞ, જ્ઞાનયજ્ઞ અને આરોગ્યયજ્ઞના ત્રિવેણી સંગમ જેવો અદ્‌ભુત સુભમ સમન્વય

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીએ સમસ્ત વિશ્વના આત્યંતિક કલ્યાર્થે અત્યંત ભાવપૂર્વક બાથમાં ઘાલીને સ્વયં પોતે પ્રતિષ્ઠિત કરેલ શ્રી નરનારાયણદેવના ૧૯૨મા પાટોત્સવ નિમિત્તે યોજાયેલ જ્ઞાનયજ્ઞની સાથે પારંપરિક ભારતીય સંસ્કારોની અભિવૃધ્ધિ અર્થે યુવાધન માટે સંસ્કારયજ્ઞ અને 'રોગમુક્ત કચ્છ અભિયાન' અંતર્ગત સર્વજન આરોગ્યહિતાય સાર્વજનિક આરોગ્યયજ્ઞના ત્રિવેણી સંગમ સમા અદ્‌ભુત સુભમ સમન્વય દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજે ધર્મની સાચી સમજ સમાજ સમક્ષ પ્રસ્તુત કરી છે.

પાટોત્સવ પ્રસંગે યોજાયેલ જ્ઞાનયજ્ઞના પૂર્વ દિવસ તા. ૧૮-૦૪-૨૦૧૫ના રોજ ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના અધ્યક્ષસ્થાને ભુજ મંદિર સંચાલિત કચ્છ સમેત ભારતનાં સમસ્ત કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોનાં સત્સંગ મહાસંમેલન - સંસ્કારયજ્ઞમાં હજારો યુવકોએ હોંશભેર ભાગ લઈને પારંપરિક હિન્દુ સંસ્કારોનું જતન કર્યાનું પ્રદર્શન શિસ્ત, સંયમ, વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા પ્રદર્શિત કરી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના સંચાલક યુવા સંતવૃંદનાં હૈયાં હર્ષથી ભરી દીધાં હતાં.

હૃદયમાં ભાવોર્મિ, ભક્તિમાં દૃઢતા, આસ્થામાં અભિવૃધ્ધિ, મનમાં શાશ્વત શાંતિ, સ્નેહમાં સમર્પણ તેમજ આત્માને પરમાત્મા સાથે જોડવાની અલૌકિક શક્તિ ધરાવતા શ્રીમદ્ ભક્ત ચિંતામણિ શાસ્ત્ર (પરચા પ્રકરણ)ના પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનો તેમજ રોગમુક્ત કચ્છ અભિયાન અંતર્ગત બિમારીથી થતી પીડા, અસહ્ય દર્દને તકલીફોથી છૂટકારો અપાવી તનને તંદુરસ્તી બક્ષનાર શ્રીનરનારાયણદેવ સર્વરોગ નિદાન અને સારવાર મેગા મેડીકલ કેમ્પ દ્વારા આરોગ્યયજ્ઞનો મંગલમય પ્રારંભ તા. ૧૯-૪-૧૫ના સવારે દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યો.દીપ પ્રાગટ્યમાં મોટા મહારાજ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી, ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદવર્ય જાદવજી ભગત, બ્રિટીશ ડેપ્યુટી હાઈકમીશનર જ્યોફ વેઈન, રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, ધારાસભ્ય પંકજભાઈ મહેતા, મનજીભાઈ હાલાઈ, દાતાશ્રી સૂરજ અરવિંદ ભુડીયા, કાનજીભાઈ જેસાણી, હરજીભાઈ વરસાણી આદિ જોડાયા હતા અને મંદિર દ્વારા થતા વિવિધ સેવાકાર્યોના ઈતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠ અંકિત થયું. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના ઉપક્રમે યોજાયેલ નિદાન અને સારવાર શિબિરમાં કચ્છભરમાંથી સાત હજારથી વધુ દર્દી ઉમટી પડ્યા હતા. મંદિરનું અત્યંત વિશાળ પરિસર દર્દીઓ અને તેમની સાથે સંભાળ રાખવા આવેલા લોકોથી ખીચોખીચ ભરાઈ ગયું હોવા છતાં મંદિર દ્વારા કરવામાં આવેલ સુંદર આયોજન અને સ્વયંસેવકો દ્વારા તેના યોગ્ય અમલ અને સંતો તેમજ કમીટીના સભ્યોના માર્ગદર્શનના પરિણામે સંપૂર્ણ શિસ્ત જળવાયું હતું અને સંપૂર્ણ સુવિધાના કારણે કેમ્પમાં આવેલા દર્દીઓ અને તેમના સગાઓને ક્યાંય કોઈ જાતની તકલીફ પડી ન હતી. કાળઝાળ ગરમીમાં શિસ્તબધ્ધ રીતે કતારોમાં ઊભેલા લોકોને સ્વયંસેવકો બિસ્કીટ તથા શીતળ જળ પાઈને ગરમીમાં રાહત આપતા હતા. કેમ્પમાં આવેલા સૌ કોઈ માટે મહાપ્રસાદરૂપ ભોજનની સુંદર સુવિધા ગોઠવાઈ હતી. લગભગ ૧૫ હજાર જેટલી વ્યક્તિએ ભોજનપ્રસાદથી

જઠરાગ્નિ શાંત કર્યો હતો.

કેમ્પમાં સમાવિષ્ઠ રોગો : હૃદયરોગ, બાયપાસ, એન્જયોગ્રાફી, એન્જયોપ્લાસ્ટી, બાળકોના વાલ્વ સહિતની સારવાર સર્જરી, આંખ, પેટ, કાન, નાક, ગળાના રોગ, હાડકાંના રોગ, ચામડીના રોગ, દાંત, કેન્સર, ગાંઠ, સ્ત્રીરોગ, ફેફસાં, પેશાબ, લોહી વગેરે.

નિષ્ણાત તબીબો : મહંત સ્વામીના આશીર્વાદ તથા કેમ્પ સમિતિના માર્ગદર્શન હેઠળ અલગ અલગ બાબતોના અને અલગ અલગ રોગોના નિષ્ણાત ૬૫ જેટલા તબીબો આ આરોગ્યયજ્ઞમાં સવારથી મોડી સાંજ સુધી પ્રવૃત્ત રહ્યા હતા.

આ મેગા મેડીકલ કેમ્પનો ૭૦૧૮ દર્દીઓએ લાભ લીધો હતો તે પૈકી ૭૨૦ દર્દીઓએ આયુર્વેદિક તબીબો પાસે નિદાન કરાવ્યું હતું. કુલ્લ ૭૦૧૮ દર્દીઓ પૈકી ૪૦૩૩ દર્દીઓને નિદાન બાદ સ્થાનિકે જ દવા આપી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી વિદાય અપાઈ હતી. જ્યારે ૨૨૬૫ દર્દીઓને આગળની સારવાર માટે અલગ તારવવામાં આવ્યા. આ દર્દીઓને તા. ૩-૫-૨૦૧૫ના રોજ સુપર સ્પેશ્યાલીસ્ટ તબીબોની સેવાનો લાભ મળશે. જેની વિગત આ પ્રમાણે છે.


| રોગ | કુલ્લ દર્દી | રીફર કરાયા | રોગ | કુલ્લ દર્દી | રીફર કરાયા |
|---|---|---|---|---|---|
| કાન,નાક,ગળું | ૫૨૦ | ૧૭૫ | સર્જરી | ૮૮૦ | ૪૦૦ |
| ચામડી | ૩૫૨ | - | ફીઝીશીયન | ૮૯૮ | ૧૫૧ |
| બાળકો | ૩૩૫ | ૩૫ | સ્ત્રીરોગ | ૪૨૦ | ૧૭૩ |
| આંખ | ૯૮૩ | ૨૦૦ | રોહેબીલીટેશન | ૧૦૩ | ૧૦૩ |
| હાડકાં | ૧૧૩૫ | ૪૨૫ | દાંત | ૫૨૨ | ૩૦૩ |

રજીસ્ટ્રેશન વગરના ૧૫૦ તેમજ ૭૨૦ દર્દીઓએ આર્યુવેદિક સારવાર લીધી હતી.

કુલ્લ - ૭૦૧૮

પાટોત્સવ પ્રસંગે યોજાયેલા મેગા મેડીકલ કેમ્પના દબદબાભર્યા ઉદ્‌ઘાટન સમયે ઉપસ્થિત ધાર્મિક, રાજકીય, અને સામાજિક અગ્રણી મહાનુભાવોએ ભુજ મંદિરની આ સેવાકીય પ્રશંસનીય પ્રવૃત્તિને બિરદાવતાં પોતાનાં મંતવ્યો અને પ્રતિભાવો રજૂ કરી અહોભાવની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રાતઃસ્મરણીય પ.પૂ. ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મોટા મહારાજશ્રીએ કચ્છભરમાંથી ખૂબ મોટી સંખ્યામાં ઉમટેલા દર્દીઓને જોતાં જણાવ્યું હતું કે ધાર્મિક યજ્ઞ તો અનેક યોજાય છે પરંતુ ધાર્મિક યજ્ઞની સાથે આરોગ્યયજ્ઞ યોજવાની વિશેષ જરૂરિયાત છે.



માનવસેવા એ જ પ્રભુસેવાનું આ તાદશ પ્રેરણાદાયી દૃષ્ટાંત છે.

ભુજ મંદિરના સદૈવ વંદનીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ જણાવ્યું કે જ્ઞાતિ-ધર્મ-સંપ્રદાયના ભેદભાવ વગર માનવમાત્રની સ્વાસ્થ્યસભર સુખાકારીના એકમાત્ર ધ્યેય સાથે દુઃખી અને આર્થિક અશક્ત દર્દીઓને સારવાર મળી રહે અને તંદુરસ્તી પ્રાપ્ત થાય એવા હેતુથી યોજાએલ આ કેમ્પ જેવા કેમ્પ દરવર્ષે મંદિર દ્વારા યોજવામાં આવશે.



અમદાવાદથી ખાસ આ પ્રસંગે પધારેલ બ્રિટીશ ડેપ્યુટી હાઈકમીશનરશ્રી જ્યોફ વેઈને પોતાનાં ભાવ વ્યક્ત કરતાં જણાવેલું કે ભુજ મંદિરની સેવાકીય પ્રવૃત્તિ અનન્ય છે. ૨૦૦ વર્ષ પહેલાંના ઈતિહાસને યાદ કરતાં ઉમેર્યું કે આ દેશમાં બ્રિટીશ શાસન હતું તે સમયે ગુજરાતમાં થયેલ સામાજિક પરિવર્તનથી પ્રભાવિત થઈને પરિવર્તન માટેનાં પ્રણેતા શ્રી સહજાનંદ સ્વામીને સર માલ્કમને રૂબરૂ મળ્યા અને



જાણ્યું કે આ પરિવર્તન શિક્ષાપત્રીના કારણે થયું છે. તેઓ શિક્ષાપત્રી લંડન લઈ ગયા અને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં રાખી. ભુજ મંદિર પ્રત્યેની આશ્રિતોની શ્રધ્ધાને પણ બિરદાવી હતી. નાત-જાત-ધર્મ-સંપ્રદાયના ભેદભાવ વગર દર્દીઓને મફત અપાતી સેવા એ સૌથી અગત્યની મોટી વાત છે એમ જણાવ્યું હતું. શા. સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી સ્વામીએ શ્રીજ્યોફ વેઈનના વક્તવ્યનું ભાષાંતર કર્યું હતું.

માનનીય શ્રી તારાચંદભાઈ છેડા (નમક, કુટિર અને ગૌસંવર્ધન રાજ્યમંત્રી)એ મંદિર તરફથી મળતા સહયોગ અને સેવાકીય પ્રવૃત્તિનો ઉલ્લેખ કરતાં



ભારપૂર્વક જણાવ્યું કે સરકારે કરવાના કામ જેવું જ આરોગ્યનો લગતું કામ મેડીકલ કેમ્પો દ્વારા ભુજ મંદિરે હાથ ધર્યું છે. મહંત સ્વામીની પ્રેરણાથી થતા કાર્યોનો ઈતિહાસ પ્રસ્તુત કરીને ખાસ જણાવ્યું કે ભૂકંપ બાદ માત્ર ભુજ મંદિરની પ્રતષ્ઠા જ નહીં પરંતુ ભુજ નગરની પુનઃપ્રતિષ્ઠા થઈ હોય તેવો માહોલ છે. વધુમાં તેઓએ અનુઃજાતિ જનજાતિના દર્દીઓની મોટી શસ્ત્ર ક્રિયામાં રાજ્ય સરકારના સહયોગની તૈયારી દર્શાવી હતી.

જિલ્લા ભાજપ પ્રમુખ અને રાપર વિસ્તારના ધારાસભ્ય માનનીય શ્રી પકંજભાઈ મહેતાએ મંદિરની સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને જણાવ્યું કે સ્વામિનારાયણ સંપ્રદાયે કચ્છના ખૂણે ખૂણે સેવાની જ્યોત પ્રજ્જવલિત કરી છે અને લોકોના સ્વાસ્થ્યની ચિંતા સેવી છે. હજારો લોકોને વ્યસનના ચૂંગાલમાંથી ઉગારી વ્યસનમુક્તિનું કાર્ય કર્યું છે. આ સંપ્રદાયમાં લોકોને શ્રધ્ધા છે, તેમની કામગીરી પ્રત્યે વિશ્વાસ



છે તેથી આટલી વિશાળ સંખ્યામાં દર્દીઓ ઉમટી પડ્યા છે. દાતાઓની દિલેરીને બિરદાવતાં કહ્યું કે દાતાઓનું દાન સાર્થક છે.


ભુજ વિસ્તારના ધારાસભ્ય માનનીય શ્રીમતી નીમાબહેન આચાર્ય પણ મહિલા વિભાગમાં ઉપસ્થિત હતા. ભુજ મંદિરના સાં.યો. મહંત પ.પૂ. શામબાઈના વરદ્ હસ્તે તેમનું પહેરામણી અર્પણ કરી યોથોચિત સન્માન કરાયું હતું.

પરમભક્ત દાતા આદરણીય શ્રી કાનજીભાઈ કે. જેસાણીએ મહંત સ્વામીની પ્રેરણાથી મંદિર દ્વારા



યોજાયેલ આ કેમ્પમાં નિદાન-સારવાર અર્થે આવેલા હજારો દર્દીઓનો જોઈને જણાવ્યું કે કચ્છમાં આટલા બધા દર્દી દુઃખી છે તે સૌને સાજા કરવામાં આવશે. દુષ્કાળ હોવાથી ગાયોના ઘાસચારા માટે યોજવામાં આવેલ સંતવાણી કાર્યક્રમનો પણ નિર્દેશ કર્યો તેમજ શ્રીનરનારાયણદેવ ટ્રસ્ટ દ્વારા દુષ્કાળમાં વર્ષોથી થતા સેવાકાર્યોની વાત કરી હતી.

'કચ્છમિત્ર'ના તંત્રી માનનીય શ્રી દીપકભાઈ માંકડે જણાવ્યું હતું કે કચ્છમાં



પડકારો આવતા રહ્યા છે. સરકાર પોતાની ભૂમિકા ભજવે છે પરંતુ આ મંદિરનું યોગદાન ખૂબ વિશેષ રહેલું છે. આ મંદિરના સંતો સાચા અર્થમાં 'માનસસેવા એજ પ્રભુસેવા'ની પ્રતીતિ કરાવે છે. દુષ્કાળ, વાવાઝોડા, ધરતીકંપ જેવા કપરા સમયે આ મંદિરે કરેલી લોકોની સેવા અદ્વિતીય છે, સેવાકાર્યની સરિતા અસ્ખલિત વહેતી રહી છે. આરોગ્યયજ્ઞના પુનિત કાર્યનો લાભ હજારો દર્દીઓ લઈ રહ્યા છે. મંદિરે

કચ્છની આરોગ્યની ચિંતા દૂર કરી છે.

લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત એમ.એમ.પી.જે. લેવા પટેલ હોસ્પિટલના અધ્યક્ષ માનનીય શ્રી અરજણભાઈ પીંડોરીયાએ



કેમ્પની વિસ્તૃત માહિતી આપતાં જણાવેલ કે ૬૦ જેટલા નિષ્ણાત તબીબોની ટીમ આ સેવાયજ્ઞમાં જોડાઈ છે. દર્દીઓને તેમની સેવાનો લાભ મળી રહ્યો છે. દાતા અ.નિ.શ્રી કેશવલાલ અને ભાઈ પ્રેમજીભાઈ ભુડીયા પરિવારનો કેમ્પને સહયોગ સાંપડતો રહ્યો છે, આ કામગીરી ચાર મહિના ચાલવાની છે.

સંપ્રદાયના સંતોના સમાગમથી મળેલા ભારતીય પરંપરાગત સુસંસ્કારોની સુગંધ પ્રસરાવતાં મુખ્ય દાતા પરિવારના પ.ભ. માનનીય શ્રી હસુભાઈ



કેશવલાલ ભુડીયાએ મોમ્બાસાના પ્રવાસની સાથે કેમ્પની વાત વણી લેતા જણાવ્યું કે અમે આવા સત્કાર્યોમાં સદાય સાથે રહેશું, આર્થિક સહયોગ માટે હંમેશાં આગળ રહેશું. કેમ્પમાં એક કરોડ રૂપિયા અર્પણ કરશું. આજની શિબિરમાં આખું કચ્છ ઉમટ્યું હોય તેવું જણાય છે. અમારા અંતરની એવી ઈચ્છા છે કે અમે દર વર્ષે મંદિરના નેતૃત્વ હેઠળ આવા માનવ સેવાના કાર્ય કરતા રહેશું.

રક્તદાન શ્રેષ્ઠદાન છે. દર્દીઓની શસ્ત્રક્રિયા દરમ્યાન અને ગંભીર બીમારી સમયે પણ દર્દી માટે રક્તની આવશ્યકતા હોય છે. જાગૃત અને સેવાભાવી સમજદાર જનસમુદાય દ્વારા રક્તદાન થતું રહે છે અને આ રક્ત જરૂરતમંદ દર્દીઓની જીવાદોરી સાબિત થાય છે. આરોગ્યયજ્ઞ સમયે નિદાન-સારવારની સાથેસાથે રક્તદાન શિબિરનું પણ આયોજન કરાયું હતું. જેમાં ૧૧ સંતો, ૧૦૬ ગૃહસ્થ પુરુષો, ૬ સાં.યો. બહેનો અને ૨૫ ગૃહસ્થ મહિલાઓ સહિત કુલ્લ ૧૪૮ વ્યક્તિએ રક્તદાન કર્યું હતું.

વ્યસન આરોગ્યનો મોટો દુશ્મન છે. વ્યસની લોકોનું માત્ર સ્વાસ્થ્ય નહીં પણ ઘર-કુટુંબ-પરિવાર-પૈસો અને મહામૂલું જીવન બરબાદ થઈ જાય છે. સંતોની પ્રેરણાથી આ પવિત્ર પર્વ પ્રસંગે ૧૩૫ લોકોએ વ્યસનમુક્ત થવાનો સંકલ્પ કર્યો હતો.

મેડીકલ કેમ્પના દાતા ફોટડીના (હાલે મોમ્બાસા) શ્રેષ્ઠીવર્ય પ.ભ. અ.નિ. શ્રી કેશવલાલ પ્રેમજી જેઠા ભુડીયા સમગ્ર પરિવાર અને સહદાતા બળદિયાના (હાલે લંડન) પ.ભ. શ્રી ખીમજીભાઈ શામજીભાઈ જેસાણી પરિવાર, સુપુત્ર શ્રી કાનજીભાઈ ધ.પ. શ્રીમતી ધનુબેન તેમજ સામત્રાના (હાલે ભુજ) પ.ભ. અ.નિ. શ્રી નાથાલાલભાઈ મનજીભાઈ વરસાણી પરિવાર સુપુત્ર પ.ભ. શ્રી હરજીભાઈ ધ.પ. શ્રીમતી કાંતાબેન રહ્યા હતા.

વડીલ સંતોના આશીર્વાદ, કોઠારી સ્વામી શ્રી ભગવતજીવનદાસજી આદિ સંતો, મંદિરના કોઠારી પ.ભ. શ્રી રવજીભાઈ ભુડીયા, ઉપ.કોઠારી પ.ભ. શ્રી અર્જુભાઈ દબાસીયા આદિ ટ્રસ્ટીઓ તેમજ કોઠારી સ્વામી શ્રી દેવપ્રકાશદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ કેમ્પ કમીટીના સંતો, હરિભક્તો તથા સ્વયંસેવક યુવાનો અને યુવતીઓના સતત અથાગ પરિશ્રમ, ખંત અને ચીવટથી સેવાના આ મહાયજ્ઞમાં સફળતા પ્રાપ્ત થઈ હતી. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી મુળજીભાઈ શિયાણી, શ્રી અરવિંદભાઈ પીંડોરીયા, વિદેશથી પધારેલા હરિભક્તો સર્વશ્રી મનજીભાઈ, શામજીભાઈ, હીરજીભાઈ, માવજીભાઈ, નાનદાસભાઈ ઉપરાંત શિક્ષણ ખાતાના અધિકારીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

- જ્ઞાનયજ્ઞ :- તા. ૧૮-૪-૧૫ શનિવારે બપોરે મંદિરેથી નીકળેલી પોથીયાત્રામાં ખૂબ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ હરિભક્ત ભાઈ-બહેનો જોડાયા હતા. તા. ૧૯-૪-૧૫ સવારે કથા સ્થાપન-પૂજન બાદ દીપપ્રાગટ્ય વિધિ અને પોથી તેમજ વક્તાના પૂજન આરતી સાથે શ્રીમદ્ ભક્ત ચિંતામણી શાસ્ત્ર (પરચા પ્રકરણ) પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનો મંગલમય પ્રારંભ થયો હતો. વ્યાસાસને બિરાજમાન થઈ વિદ્વાન વક્તા શાસ્ત્રી સ્વામી નારાયણનુનિદાસજી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કથામૃતનું પાંચ દિવસ સુધી રસપાન કરાવી ભક્તોની ભક્તિક્ષુધા તૃપ્ત કરી હતી.

શ્રીનરનારાયણદેવના ૧૯૨મા પાટોત્સવ પ્રસંગે આચાર્ય મહારાજ પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૨-૪-૧૫ના બપોરે નીકળેલી અક્ષરધામ એરલાઈન્સના વિમાનના કલાત્મક ફ્લોટ્સ પર વિરાજમાન ઠાકોરજી અને આચાર્ય મહારાજશ્રીની ભવ્યાતિભવ્ય અતિ આકર્ષક નગરયાત્રામાં ૨૪ ગામની કીર્તન મંડળીઓ સહિચ હજારો હરિભક્તો અને સંતો જોડાયા હતા. નગરયાત્રાના દર્શનાર્થે આખું ભુજ ઉમટી પડ્યું હતું. નગરમાર્ગો પરના દર્શનાર્થીઓ ભક્તિસભર વાતાવરણમાં ધન્યતા અનુભવતા હતા. સમગ્ર વાતાવરણ કીર્તનો અને શ્રીનરનારાયણદેવના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું. આચાર્ય મહારાજશ્રી કથા મંડપમાં પધારતાં સૌ હરિભક્તોએ ઊભા થઈ આદરભેર આવકાર્યા હતા. યથોચિત સ્થાને બિરાજમાન થયા બાદ પ.પૂ. મહંત સ્વામી, સંતવૃંદ, મંદિરના ટ્રસ્ટીઓ, યજમાનો તેમજ અગ્રગણ્ય હરિભક્તોએ પુષ્પમાળાથી આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત-સન્માન કરી અહોભાવની લાગણી અનુભવી હતી.

તા. ૨૩-૪-૧૫ના હરિભક્તોનાં હૈયામાં હર્ષ સમાતો નહોતો. વહેલી સવારે આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પંચામૃત અભિષેક કરાયો હતો. આરતી બાદ વિવિધ પકવાનોના ૫૬ ભોગ વાનગીઓનો ઠાકોરજી સમક્ષ અન્નકૂટ ધરાવવામાં આવેલો. હૈયે હૈયું પીસાય એટલી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ અન્નકૂટ દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવતાં પોતાના વક્તવ્યમાં ઉપયોગી વાતોને પણ સમાવીને જણાવેલ કે મેડીકલ કેમ્પ સાથે ઘાસચારા માટેનો ભુજ મંદિરનો સહયોગ પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે શ્રીનરનારાયણદેવના આશ્રિત થઈને જીવશું તો સુખિયા થશું. લોકો વધુ બીમાર પોતાની લાઈફ સ્ટાઈલને કારણે થાય છે. બીમાર કેમ ઓછા પડીએ તે માટે જાગૃતતા કેળવવી આવશ્યક છે. આહાર-વિહાર પર ધ્યાન રાખવું. મેડીકલ કેમ્પની સાથે સ્વાસ્થ્ય જાગૃત્તિ (અવેરનેસ) કેમ્પ પણ યોજવામાં આવે તો દર્દીઓની સંખ્યા ઘટે. માણસ જેટલો સ્વસ્થ હશે તેટલો સકારાત્મક રીતે વિચારતો થશે. શ્રી સ્વામિનારાયણ ભગવાનો તેમના સમયમાં 'હાઈજીનીક' ખ્યાલ રાખીને પાણી ગાળીને પીવું, સ્વચ્છતા રાખવી વગેરે જેવી ઝીણી ઝીણી બાબતોનો શાસ્ત્રોમાં સમાવેશ કરેલો છે. સ્વાસ્થ્ય સંબંધી જાગૃત્તિનું પ્રથમ ચરણ સ્વચ્છતા છે.

દાતા પ.ભ. શ્રી ગોવિંદભાઈ લાલજી કેરાઈ (અમેઝિંગ ટાઈલ્સ) પરિવાર તરફથી ભુજ મંદિરને અર્પણ થયેલ ૧૦ કલાકમાં ૨૫૦ કિલો લોટમાંથી વિવિધ પ્રકારના પાપડ વણી સૂકવીને તૈયાર કરી આપતા સ્વયં સંચાલિત ઉપકરણ (પાપડ મશીન)નું ઉદ્દ્ઘાટન આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામીના વરદ્ હસ્તે સંતો, સાં.યો. બહેનો હરિભક્તો અને દાતા પરિવારની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

પંચાહ્ન પારાયણ દરમ્યાન પ.પૂ. મહંત સ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદવર્ય સ.ગુ.જાદવજીભગત આદિ સંતોએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા. જ્યારે લેવા પટેલ હોસ્પિટલના પ્રમુખ માનનીય શ્રી અરજણભાઈએ મેડીકલ કેમ્પના આયોજનથી માંડીને કેમ્પની કામગીરી સુધીની તમામ વિગતોને સાંકળી લઈને જણાવેલું કે હજુ આ કામગીરી ચાર માસ સુધી ચાલશે અને શ્રીનરનારાયણદેવની કૃપા અને ભુજ મંદિરના

સહયોગથી બધું સંપન્ન થાય છે. જ્યારે સભાસંચાલન વિદ્વાન વક્તા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કર્યું હતું અને સ્વામી ઉત્તમચરણદાસજી સહસંચાલક તરીકે રહ્યા હતા. કથા દરમ્યાન સંગીતકાર સ્વામી અક્ષમુકતદાસજી અને તબલા વિશારદ સ્વામી નિલકંઠસ્વરૂપદાસજીએ પ્રસંગો અને કીર્તનોને સુમધુર સુરાવલિ સાથે કર્ણપ્રિય સંગીતથી શ્રોતાગણને મુગ્ધ કરી દીધા હતા. કેમ્પના યજમાન પ.ભ. શ્રી કે. કે. જેસાણીએ આભારવિધિ કરી હતી.

રાત્રી કાર્યક્રમો : તા. ૨૦-૪-૧૫ના રોજ રાત્રે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના રામપર, બળદીયા, નારણપર આમ ત્રણ પ્રદેશોના યુવાનો દ્વારા આકર્ષક પહેરવેશમાં દ્વારા રાસોત્સવ કરવામાં આવ્યો હતો. ભવ્ય રાસોત્સવમાં રાસની રમઝટ બોલી હતી અને સંતો અને હરિભક્તો મનમુકીને રાસ રમ્યા હતા.

તા. ૨૧-૪-૧૫ના લોક સાહિત્યકાર ભીખુદાન ગઢવી અને સુપ્રસિદ્ધ ભજન સમ્રાટ દેવરાજ ગઢવી 'નંઢો ડેરો'ની સંતવાણીનો કાર્યક્રમ હજારો હરિભક્ત શ્રોતાઓએ માણી ગાયના ઘાસચારા માટે મહત્ત્વનું યોગદાન આપેલ.

૨૨-૪-૧૫ના શ્રીસહજાનંદ ગુરુકુળ, માનકુવાના વિદ્યાર્થીઓએ સુંદર ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

અહેવાલ :- સંકલન - ભરતભાઈ મહેતા

## સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ, ભુજ

ભુજ મંદિરના પરમવંદનીય મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી પ્રાતઃસ્મરણીય બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે તથા સર્વપિતૃઓની સ્મૃતિ અર્થે ભુજ મંદિરના પટાંગણમાં સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ એવમ્ નારાયણયજ્ઞ મહોત્સવ તા. ૨૦-૩-૧૫ થી ૨૬-૩-૧૫ સુધી ભક્તિભાવપૂર્વક ધામધૂમથી ઉજવવમાં આવ્યો. તા. ૧૯-૩-૧૫ના સાંજે પ્રસાદી મંદિરેથી નીકળેલી પોથીયાત્રામાં પોથીના યજમાનશ્રીઓ સાથે સેંકડો હરિભક્ત ભાઈ-બહેનો અને સંતો જોડાયા હતા.

વ્યાસાસને બિરાજમાન થઈ વિદ્વાન સંતો શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજી અને શાસ્ત્રી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ વ્યક્તિને શાશ્વત શાંતિ અને સમાજને ક્રાંતિ આપવાની ક્ષમતા ધરાવતા મોક્ષ પ્રદાતા સર્વશાસ્ત્ર શિરોમણિ ગ્રંથનું કથામૃત રસપાન સંગીતના સથવારે કરાવી શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી ભક્તિમાં દૃઢતા સાથે આહ્લાદક આનંદ લેવાનો અવસર પૂરો પાડ્યો હતો. સંગીતજ્ઞ સ્વામી અક્ષરમુક્તદાસજી તથા તબલા વિશારદ સ્વમી નિલકંઠસ્વરૂપદાસજીએ સંગીતની સૂરાવલિથી એક અદ્ભુત વાતાવરણનું નિર્માણ કરી સર્વત્ર પવિત્રતા પ્રસરાવી હતી. કથાના મુખ્ય યજમાનપદે ગાંધીધામના અ.નિ. ઝવેરીલાલભાઈ કરસનદાસ જોષી, ગં.સ્વ. ધ.પ. કંચનબેન, સુપુત્ર ભરતભાઈ, ધ.પ. શીલાબહેન, પૌત્ર જયમીનભાઈ, ધ.પ. અવનિબેન, સુપુત્રી સૌમ્યા, પૌત્ર વરૂણ, ધ.પ. પ્રિયંકાબેન, સુપુત્ર મન સહપરિવાર રહ્યા હતા.

તા. ૨૦-૩-૧૫ના સવારે મહંત સ્વામી તથા વડીલ સંતોના વરદ્હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા કથાનો મંગલ પ્રારંભ કરાયો હતો. તા. ૨૨-૩-૧૫ના રામજન્મોત્સવ, તા. ૨૩-૩-૧૫ન શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને તા. ૨૫-૩-૧૫ના રૂક્ષ્મણીવિવાહના પ્રસંગો ભવ્યાતિભવ્ય રીતે સંપૂર્ણ ભક્તિભાવ સાથે અલૌકિક વાતાવરણ વચ્ચે ઉજવાયા હતા. શ્રીકૃષ્ણ જન્મોત્સવના યજમાન માંડવીના પ.ભ. રામદાસભાઈ મથરાદાસ કપટા, ધ.પ. વિણાબહેન, સુપુત્ર કૃણાલ, ધ.પ. નેહાબેન, પૌત્રી રાત્રી, સુપુત્ર મહેર, સુપુત્રી રુચિતા, જમાઈ મયંકભાઈ રહ્યા હતા. જ્યારે રૂક્ષ્મણી વિવાહના યજમાનપદે રામપરના કિંગ્સ કિચનના ડાયરેક્ટર પ.ભ. ગોવિંદભાઈ ધનજી રાબડીયા. ધ.પ. વનિતાબેન, સુપુત્ર ઘનશ્યામ, સુપુત્રી ડિમ્પલ સહપરિવાર રહ્યા હતા.

તા. ૨૭-૩-૧૫ના રોજ શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક મહાવિષ્ણુયાગ યજ્ઞ યોજવામાં આવેલ, હજારો હરિભક્તોએ આ પવિત્ર યજ્ઞના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

અહેવાલ :- પ્રાણલાલભાઈ વ્યાસ

## ચૈત્ર સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. ધનજી પ્રેમજી હીરાણી - મેઘપર હાલે બોલ્ટન
- પ.ભ. વેકશન લીમીટેડ નૈરોબી હ. પ્રેમજી વાલજી વેકરીયા, હીરજી પ્રેમજી, અશ્વિન પ્રેમજી, નરેશ પ્રેમજી વેકરીયા સહપરિવાર - બળદીયા હાલે નૈરોબી
- પ.ભ. પ્રિયેશભાઈ ક્રિશ ભુડીયા હ. સ્વામી ભગવદ્જીવનદાસજી - કેરા હાલે ઓલ્ડહામ
- પ.ભ. કુંરજીભાઈ મનજી રાબડીયા - બળદીયા
- પ.ભ. પ્રેમજીભાઈ રામજી પિંડોરીયા - દહીંસરા
- પ.ભ. માવજી દેવશી વરસાણી સહપરિવાર - ભુજ
- પ.ભ. અશોકભાઈ મનજીભાઈ રાઘવાણી - બળદીયા
- પ.ભ. મમતાબેન હરિલાલ ભગત - રવાપર
- પ.ભ. ગીતાબેન જાદવા હીરાણી - સરલી
- પ.ભ. વાલબાઈ નારણ - નારણપર
- પ.ભ. લાલજીભાઈ વિશ્રામ કેરાઈ - મીરજાપર
- પ.ભ. યોગેશ મંગલદાસ ચંદન હ. દિપ ચંદન - ભુજ
- પ.ભ. દેવરાજભાઈ શામજી પિંડોરીયા સહપરિવાર - આ.સુખપર
- પ.ભ. અ.નિ. કાનજીભાઈ માવજી વરસાણી સહપરિવાર - સામત્રા
- પ.ભ. ભાવેશભાઈ કલ્પેશભાઈ બલદાણીયા - અંજાર
- પ.ભ. ભાવનાબેન જાદવા વાગજીયાણી - નારણપર
- પ.ભ. અનિલભાઈ પ્રવીણ વાગજીયાણી - સુખપર
- પ.ભ. નારણ વિશ્રામ હીરાણી સહપરિવાર - સુખપર
- પ.ભ. વિનોદભાઈ કરસન કેરાઈ - નારણપર
- પ.ભ. દિક્ષિતભાઈ હરજી ભુડીયા હ. શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી - માનકુવા
- પ.ભ. સુરેશભાઈ વેલજી હીરાણી - માનકુવા
- પ.ભ. નવીનભાઈ જાદવા હાલાઈ - મેઘપર
- પ.ભ. ધનસુખભાઈ ભીખાલાલ શીયાણી - મીરજાપર
- પ.ભ. ધીરેશભાઈ મનજી પિંડોરીયા - સુરજપર
- પ.ભ. અરવિંદભાઈ મનજી શીયાણી - ભક્તિનગર
- પ.ભ. મનજીભાઈ નાનજી કારા - રામપર
- પ.ભ. હરજીભાઈ કરસન હાલાઈ - સુખપર
- પ.ભ. હર્ષાબેન વિશ્રામ શિયાણી - માનકુવા
- પ.ભ. દર્શનાબેન શૈલેષ હીરાણી - ભારાસર
- પ.ભ. પ્રેમજી હરજી હાલાઈ ધ.પ. કાનબાઈ - કેરા
- પ.ભ. પુરુષોત્તમભાઈ ધ.પ. કલ્પનાબેન હ. મહંત સાં.યો. શ્યામબાઈ ફઈ - નારણપર
- પ.ભ. જ્યોતિબેન રમેશ શીયાણી હ. મહંત સાં.યો. શ્યામબાઈ ફઈ - મીરજાપર
- પ.ભ. ચિરાગભાઈ ગોસ્વામી ધ.પ. હીનાબેન હ. મહંત સાં.યો. શ્યામબાઈ ફઈ - ભુજ
- પ.ભ. વાલજીભાઈ વેલજી કેરાઈ - નારણપર ની.વા.
- પ.ભ. બ્રિજેશભાઈ ભગવાનદાસ પાંડે સુપુત્ર તથા સુપુત્રીના જન્મદિવસ નિમિત્તે હ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી - પાંડેપુર યુ.પી. હાલે મીરજાપર
- પ.ભ. અલ્પેશભાઈ રવજી ભંડેરી - વેકરા
- પ.ભ. વેલબાઈ વિશ્રામ વેકરીયા સહપરિવાર - સુખપર
- પ.ભ. કાનજીભાઈ શીવજી ભુવા, ધ.પ. વેલબાઈ સહપરિવાર - સુખપર
- પ.ભ. રાજેશભાઈ નારણ પ્રેમજી વેકરીયા, હ. સાં.યો. શ્યામબાઈ વેકરીયા - નારણપર
- પ.ભ. ખીમજીભાઈ વેલજી પિંડોરીયા - નારણપર
- પ.ભ. માવજીભાઈ પ્રેમજી પિંડોરીયા - સુખપર રોહા
- પ.ભ. કાન્તાબેન રવજી ખેતાણી, હ. માવજીભાઈ પ્રેમજી પિંડોરીયા - ફોટડી
- પ.ભ. જશુબેન રૂડા ભુડીયા હ. માવજીભાઈ પ્રેમજી પિંડોરીયા - ફોટડી
- પ.ભ. હીરજીભાઈ મુળજી મેપાણી તથા ધનબાઈ હીરજી - બળદીયા
- પ.ભ. જીતેનભાઈ નવીનભાઈ ઠક્કર હ. રૂપેશભાઈ શ્રીહરિ સાડી - ભુજ
- પ.ભ. પરબતબાઈ નારણ વાગજીયાણી. ધ.પ.પુરબાઈ હ. પ્રેમજી રામજી - સુખપર
- પ.ભ. પરબતબાઈ નારણ વાગજીયાણી. ધ.પ.પુરબાઈ હ. પ્રેમજી રામજી - સુખપર
- પ.ભ. પરબતબાઈ નારણ વાગજીયાણી. ધ.પ.પુરબાઈ હ. પ્રેમજી રામજી - સુખપર
- પ.ભ. અ.નિ. રાધાબાઈ નાનજી લાછાણી હ. પુરબાઈ નાનજી - માધાપર
- પ.ભ. હર્ષલભાઈ ગીરધરભાઈ પટેલ - અમદાવાદ

- પ.ભ. નારણભાઈ માવજી ગોરસીયા - સુખપર
- પ.ભ. પ્રેમજી કુંવરજી વેકરીયા-નારણપર ની.વા.
- પ.ભ. મનજીભાઈ પ્રેમજી વેકરીયા-નારણપર ની.વા.
- પ.ભ. કેશરબાઈ પ્રેમજી વેકરીયા-નારણપર ની.વા.
- પ.ભ. ભીમજીભાઈ માવજી ભુડીયા - સુરજપર
- પ.ભ. હરજીભાઈ વિશ્રામ પિંડોરીયા - સરલી
- પ.ભ. હરજી વેલજી ધ.પ. સુંદરબાઈ પુત્ર પરબત ધ.પ. જશુબેન હ. મહંત સાં.યો. શામબાઈ - માધાપર
- પ.ભ. સવિતાબેન હીરાલાલ આશાણી - માંડવી
- પ.ભ. અરવિંદભાઈ કરસન હીરાણી - કોડકી
- પ.ભ.લક્ષ્મીબેન કાનજી વેકરીયા સહપરિવાર - ભુજ
- પ.ભ. કાનબાઈ કાનજીભાઈ વરસાણી - ભક્તિનગર
- પ.ભ. રીનાબેન નારણ ખીમજી હીરાણી સહપરિવાર - બળદીયા હાલે લંડન
- પ.ભ. આદિત્યભાઈ હસમુખ વેકરીયા - મીરજાપર
- પ.ભ. ઈશાનીબેન રૂપેશ વેકરીયા - મીરજાપર
- પ.ભ. અ.નિ. મુળજીભાઈ કાનજી વરસાણી ધ.પ. લખીબાઈ હ. મનજી મુળજી સહપરિવાર - સુખપર
- પ.ભ. મનજીભાઈ નારણ વેકરીયા, ધ.પ.રતનબાઈ મનજી - સુખપર
- પ.ભ. માવજીભાઈ ખીમજી કેરાઈ - કુંદનપર
- પ.ભ. હીરજીભાઈ રવજી શીયાણી - ભક્તિનગર
- પ.ભ. ખીમજીભાઈ કરસન કેરાઈ - રામપર
- પ.ભ. રમેશભાઈ કેશરા ગોરસીયા - માનકુવા
- પ.ભ. હીરજીભાઈ ગોપાલ છભાડીયા - રામપર
- પ.ભ. ઘનશ્યામભાઈ કરસન કાબરીયા - ગોડપર
- પ.ભ. હરજીભાઈ કાનજી હીરાણી - ભક્તિનગર
- પ.ભ. રસીલાબેન ભરતભાઈ ગોરસીયા - માધાપર
- પ.ભ. પ્રકાશભાઈ દિનેશ વરસાણી હ. દિનેશ નાથાલાલ - સામત્રા
- પ.ભ. દેવુબેન નાનજી માધાપરીયા - માધાપર
- સાં.યો. અમરબાઈ લાલજી ખેતાણી - મદનપુર
- પ.ભ. અભિષેકભાઈ મનોજભાઈ વ્યાસ - રાજકોટ
- પ.ભ. વાલબાઈ લાલજી વાગજીયાણી - મદનપુર
- પ.ભ. ભાવેશભાઈ લાલજી કેરાઈ - નારણપર હાલે ઓસ્ટ્રેલીયા
- પ.ભ. કાંતિલાલભાઈ ખીમજી પાઘરા હ. સાં.યો. સવિતાબેન ધનજી ભુડીયા - મદનપુર
- પ.ભ. વાઘજી હરજી શીયાણી ધ.પ. હીરબાઈ - વેકરા
- પ.ભ. ગોવિંદભાઈ પ્રેમજી ભુડીયા - માધાપર
- પ.ભ. રમેશભાઈ શામજી પટેલ - દોલતપર
- સાં.યો. નાનબાઈ પ્રેમજી હીરાણી હ. સાં.યો. નીતાબાઈ - સુખપર
- પ.ભ. જશવીનભાઈ હરીશ વિશ્રામ વેકરીયા - બળદીયા
- પ.ભ. દક્ષાબેન વિનોદ ખેતાણી હ. મહંત સાં.યો. શ્યામબાઈ ફઈ - મદનપુર
- પ.ભ. ધનજીભાઈ લાલજી ખેતાણી હ. મહંત સાં.યો. શ્યામબાઈ ફઈ - મદનપુર
- પ.ભ. જશુબેન મનસુખ વરસાણી હ. મહંત સાં.યો. શ્યામબાઈ ફઈ - મીરજાપર
- પ.ભ. લાલજીભાઈ કરસન ગોરસીયા પુત્ર દિનેશ ધ.પ. અંકિતાબેન - માધાપર
- પ.ભ. લાલજી મેઘજી પાંચાણી-દહીંસરા હાલે નૈરોબી
- પ.ભ. કલ્યાણભાઈ કાનજી હીરાણી - ભક્તિનગર

### શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ

- પ.ભ. ખીમજીભાઈ સામજી ગોરસીયા ધ.પ. લક્ષ્મીબેન સુપુત્ર કિરણ સુપુત્રી પોમલ - માધાપર
- પ.ભ. ગોવિંદભાઈ કરસનભાઈ કેરાઈ ધ.પ. ભક્તિબેન ગોવિંદ - સુખપર
- પ.ભ. માનબાઈ લક્ષ્મણ ગામી - સામત્રા
- પ.ભ. પ્રેમજીભાઈ હરજી હાલાઈ, કાનબાઈ પ્રેમજી હાલાઈ - કેરા
- પ.ભ. અ.નિ. કેશરા લક્ષ્મણ વેકરીયા - નારણપર
- પ.ભ. અ.નિ. વિશ્રામ અરજણ ખેતાણી - નારણપર
- પ.ભ. રવજીભાઈ કરસન હીરાણી - માંડવી
- પ.ભ. શીવજીભાઈ લાલજી હીરાણી પુત્રી સાં.યો. જયાબાઈ તથા પુષ્પાબેન - કોડકી
- પ.ભ. શીવજીભાઈ કાનજી હીરાણી - ભક્તિનગર
- પ.ભ. પ્રેમબાઈ હીરજી ભંડેરી - વેકરા
- પ.ભ. લાલજીભાઈ મુળજી રાબડીયા ધ.પ. તેજબાઈ પુત્ર ધનજીભાઈ, રામજીભાઈ, ખીમજીભાઈ, નાનજીભાઈ - સરલી

# સત્સંગ સમાચાર

## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ, માધાપર

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપા તથા વડીલ સંતોના તથા માવિત્રોના આશીર્વાદથી ગામ માધાપર બંને મંદિરમાં અ.નિ. વેલજીભાઈ પ્રેમજીભાઈ પિંડોરીયા ધ.પ. અ.નિ. માનબાઈની પુણ્યસ્મૃતિમાં તથા મોક્ષાર્થે એમના સુપુત્ર સામજીભાઈ, હરજીભાઈ તથા રવજીભાઈ આદિ સહપરિવાર તરફથી તા. ૨૯-૩-૧૫ને રવિવારથી તા. ૨-૪-૧૫ને ગુરુવાર સુધી શ્રીમદ્ સત્સંગીજીવન પ્રથમ પ્રકરણની પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન ભુજ મંદિરના સંતોમાં સ.ગુ. પુરાણી સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળના સર્વે સંતોના વરદ્ હસ્તે તથા ગામની મંદિરની કાર્યવાહી કમીટી તથા સર્વ સત્સંગી બાઈ-ભાઈના સથવારે સારી રીતે યજમાન પરિવારની ઈચ્છા અનુસાર પૂર્ણ કરવામાં આવેલ.

આ પંચાહ્ન પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી તથા પુરાણી સ્વામી હરિપ્રસાદદાસજીએ ઈષ્ટદેવ કચ્છ શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય મંગલ બાલચરિત્રનું અમૃતપાન કરાવી યજમાન પરિવાર તથા સર્વે ભક્તોને રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે પુરાણી સ્વામી પ્રભુસ્વરૂપદાસજી તથા સ્વામી જગતપ્રકાશદાસજી, સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તથા પાર્ષદવર્ગ આદિના સહકારથી કથા પ્રસંગે પધારી સર્વે ભક્ત સમુદાયને રાજી કરેલ હતા.

આ કથાના પહેલા દિવસે ગામ જમણવાર નિમિત્તે સંતો ઠાકોરજી સાથે મોરી પટેલ વાડીમાં થાળ જમાડવા પધાર્યા હતા તથા રાત્રે શ્રીનરનારાયણદેવ યુવક મંડળની સત્સંગ સભાનું આયોજન યજમાન પરિવાર તરફથી હોવાથી ભુજ મંદિરેથી પુરાણી સ્વામી ઉત્તમચરણદાસજી તથા સ્વામી હરિસેવકદાસજી પધાર્યા હતા તથા વ્યાસપીઠે પુરાણી સ્વામી હરિપ્રસાદદાસજીએ 'શરણાગતિ' સ્વીકારવા બાબતે ખૂબ બળભરી વાતો કરી ભક્તોને રાજી કર્યા હતા. બીજે દિવસે યજમાન પરિવાર તરફથી પટેલ જ્ઞાતિને આખા ગામને જમણવાર રાખેલ હતું. ત્રીજા દિવસે સંતો યજમાન પરિવારના ઘરે ઠાકોરજી સાથે પગલાં કરવા પધાર્યા હતા ને રાત્રે મંદિરના ઠાકારોજી બેન્ડપાર્ટી મંડળી સહિત યજમાન પરિવારના ઘરે પધરામણી કરી ભક્તોને દર્શન પ્રસાદનો લાભ આપેલ હતો. ચોથા દિવસે યજમાન પરિવારના સગાં સ્નેહીઓને સંતો મારફત પહેરામણી આપી રાજી કર્યા હતા. રાત્રે બંને મંદિરમાં યજમાન પરિવાર તરફથી રાસોત્સવનું ભવ્ય આયોજન સંતોના સાંનિધ્યમાં રાખેલ હતું. પાંચમા દિવસે ૯:૩૦ વાગે બહેનોના મંદિરમાંથી છાબનું સમૈયું ધામધૂમથી લઈ આવ્યા બાદ કથાને વિરામ આપી પુરાણી સ્વામી પ્રભુસ્વરૂપદાસજી તથા સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીએ યજમાન પરિવારને તથા ગામના ભક્તોને રૂડા આશીર્વાદ આપી રાજી કર્યા હતા. ત્યારબાદ આભારવિધિ કરી ઉત્તર વિધિ, પોથી પૂજન, વક્તા પૂજન કરી સમાપ્તિની આરતી ઉતારી ધૂન્ય, કીર્તન, સંતોનું પૂજન કરી કથાને પૂર્ણ કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રી, અરજણભાઈ ભુડીયા

# અંજારમાં શ્રીઘનશ્યામ મહારાજનો પરમો પાટોત્સવ તથા "શ્રીહરિ સ્મૃતિ"ની કથા

ઐતિહાસિક અંજાર શહેરને આંગણે શ્રીઘનશ્યામ મહારાજના પરમાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે "શ્રીહરિ સ્મૃતિ'' ગ્રંથની તા.૨૦-૦૩-૧૫ થી ૨૪-૩-૧૫ સુધી ભવ્ય રાત્રીય પંચાહ્ન પારાયણની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. જેમાં વક્તાપદે શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા પુ. સ્વામી હરિમુકુન્દદાસજી વ્યાસાસને બિરાજમાન થઈને સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવીને શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેમાં સંગીતમાં ગવૈયા સંત સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી વ્રજવિહારીદાસજીએ નવા નવા રાગોમાં કીર્તનો-ચોપાઈઓ ગાઈને કથાને સુમધુર બનાવી હતી. દરરોજ જુદા જુદા મંદિરોમાંથી, ગુરુકુળોમાંથી સંતો પધારીને દર્શન તથા આશીષ વચનો કહ્યા હતા. જેનો લાભ હજારો હરિભક્તોએ લીધો તથા રાત્રે કથા પૂર્ણ થયા બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.

તા. ૨૪-૩-૧૫ મંગળવારે શ્રીઘનશ્યામ મહારાજનો પાટોત્સવ હોતાં વહેલી સવારે પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો. ત્યારબાદ અન્નકૂટ ધરાવીને આરતી અંજાર મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી સાથે યજમાન પરિવાર સાથે કરવામાં આવી હતી.

ત્યારપછી સવારની કથામાં પાટોત્સવ નિમિત્તે ભુજથી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, પુ. સ્વામી મહાપુરુષદાસજી આદિ સંતો પધારને આશિષ આપ્યા હતા.

કથા દરમ્યાન મંદિરમાં સેવા કરતાં હરિભક્તો તથા યજમાન પરિવારના સ્નેહી હરિભક્તોને સાલ ઓઢાળીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પાટોત્સવમાં મોરબી, નડીયાદ, આમારા, દોલતપર, નેત્રા, ઘડાણી, અમદાવાદ તથા ભુજ ચોવીસી વિસ્તારમાંથી ભક્તો, બાઈઓ, સંતો તથા સાં.યો. બાઈઓ પેદલયાત્રા કરીને પધાર્યા હતા. અને કથા, અભિષેક, અને અન્નકૂટના દર્શનનો લાભ લીધો તથા તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ અંતરના આશીર્વાદ તથા રાત્રી કથાના આયોજનને બિરદાવીને યજમાન પરિવારને આશીર્વાદ આપીને રાજી કર્યા હતા.

આ આયોજનમાં સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી અદ્ભુતચરણદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી તથા પૂજારી સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી દિવ્યપ્રસાદદાસજીનો સાથ સહકાર રહ્યો હતો. તો સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું.

પાટોત્સવ તથા કથાના મુખ્ય યજમાન અ.નિ. માવજીભાઈ હીરજી નાકરાણી, પિતાશ્રી તથા માતુશ્રી અ.નિ. રતનબાઈ માવજી નાકરાણી હસ્તે સુપુત્ર કાનજીભાઈ માવજી નાકરાણી ધ.પ. લીલાબેન અને સુપુત્રો ભાવેશ તથા સુરેશ અને પૌત્રા આદિ પરિવાર રહ્યો હતો.

આ ઉત્સવ દરમ્યાન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો, વાડી-વિસ્તાર તથા બેન્સાવિસ્તારના યુવાન મિત્રોએ કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ સુંદર વ્યવસ્થા સંભાળી હતી.

**શ્રીરામનવમી તથા શ્રીસ્વામિનારાયણ જયંતી :-**

તા. ૨૮-૩-૧૫ શનિવાર ચૈત્ર સુદ-૯ના દિવસે બપોરે રામજન્મોત્સવ નિમિત્તે શ્રીરામ ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. તથા પંચાજીરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

ત્યારપછી રાત્રે શ્રીસ્વામિનારાયણ જયંતી ઉજવવમાં આવી હતી. રાત્રે ૮:૩૦ થી ૧૦ સુધી

મંદિરના પટાંગણમાં સંગીતના સથવારે "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂન રાખેલ તથા ૧૦:૧૦વાગે શ્રીઘનશ્યામ મહારાજના જન્મોત્સવની આરતી સાથે મહાઆરતી યોજવામાં આવી હતી અને અંજારના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીના હસ્તે આરતી ઉતારવામાં આવી હતી અને ભગવાનને પારણે ઝુલાવવામાં આવ્યા હતા. અને "છપૈયામાં આનંદ ભયો, જય બોલો ઘનશ્યામ કી"ના નાદ સાથે હર્ષોલ્લાસ સાથે મંદિરના ચોકમાં રાસ તથા મટકીફોડનો કાર્યક્રમ રાખેલ હતો. અને પંચાજીરી તથા પંચામૃતનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

અહેવાલ :- રમણીક વી. સોલંકી, અંજાર

## સરદારનગર મંદિરનો નવમો પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર સરદારનગર (વાગડ) મંદિરનો નવમો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ નિમિત્તે શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીના મહંત પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, વડીલ પુ. સ્વામી મુકુન્દજીવનદાસજી તથા સ્વામી મુકુન્દમુનિદાસજી પધાર્યા હતા. તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાપરથી પૂ. શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા સ્વામી નૌતમમુનિદાસજી પધાર્યા હતા. આધોઈ શ્રી સ્વામિનારાયણ મંદિરથી તથા સેલારી શ્રીસ્વામિનારાયણ મંદિરથી સાં.યો. બહેનો પધાર્યા હતા.

આ કાર્યક્રમમાં એકદિવસીય પારાયણનું આયોજન થયું જેના વક્તાપદે સ્વમી નૌતમમુનિદાસજીએ પુરુષોત્તમપ્રકાશની કથા સંભળાવીને શ્રોતાજનોને આનંદિત કર્યા હતા. ત્યારબાદ વડીલ પુ. સ્વામી મુકુન્દજીવનદાસજીએ સૌ હરિભક્તોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ માંડવી મંદિરના મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ પણ સૌ શિક્ષાપત્રી પ્રમાણે સહુ રહેજો અને વ્યસન કે કુટેવોનો ત્યાગ કરજો એવી ખાસ ભલામણ કરી હતી. ત્યારબાદ ઠાકોરજી પંચામૃતથી અભિષેક કરી અન્નકૂટની આરતી બાદ સૌ ઠાકોરજીનો મહાપ્રસાદ લઈ આ ઉત્સવની પૂર્ણાહુતિ કરી હતી. આ સમગ્ર ઉત્સવના યજમાનપદે કાનજીભાઈ રાઘુ નોર (મુંબઈ) રહ્યા હતા. અને ઉત્સવનું સંચાલન ગુરુકુળના સંચાલક શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- નરશીભાઈ દેવજી ભુટક

## ૨૩મો વાર્ષિક પાટોત્સવ, માનકુવા

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભક્તિનગર-માનકુવામાં ૨૩માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શિક્ષાપત્રી ભાષ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાનપદે સાં.યો. કેશરબેન રતીલાલ પૂંજાણી અને સાં.યો. મંજુલાબેન રતીલાલ પૂંજાણી રહ્યા હતા. ત્રણ દિવસની રાત્રી સભા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, યુવતીઓ તેમજ સત્સંગી બહેનો માટે રાખેલ હતી. પ્રથમ દિવસે વિદ્યાર્થી સ્વામી પ્રેમવલ્લભદાસજી, પિતા-પુત્રની ફરજો શું છે ? તે સમજણ આપેલ. બીજા દિવસે શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ વાણી ઉપર સંયમનું મહત્ત્વ અને ત્રીજા દિવસે સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ નિશાન એ ઉપર પ્રોજેક્ટ દ્વારા ભગવાનને પામવા એ સમજાવેલ. સિતેર યુવકો આ સભામાં આવવા માટે સામેલ થયા હતા. તેમજ કથાના યજમાન દ્વારા બધા યુવકોને શિક્ષાપત્રી ભાષ્ય અર્પણ કરેલ. કથાના વક્તા સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સ્વામી હરિમુકુન્દદાસજી અનો સ્વામી ભક્તવત્સલદાસજીએ અમૃત વાણીનો લાભ આપેલ. સ્વામી સ્વંયપ્રકાશદાસજીએ પણ આશીર્વાદ પાઠવેલ.

અહેવાલ :- જોધાણી રમીલા દેવજી

# તીર્થધામ ભુજ નગર મધ્યે બિરાજમાન શ્રી નરનારાયણદેવનો ૧૯૨મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો



















# તીર્થધામ ભુજ નગર મધ્યે બિરાજમાન શ્રી નરનારાયણદેવનો ૧૯૨મો વાર્ષિક પાટોત્સવ તથા મેડિકલ કેમ્પ ધામધૂમથી ઉજવાયો

























કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોનું યુવા સત્સંગ સંમેલન – ભુજ





શ્રી સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ-સેલારી





ત્રિદિવસીય કથા પારાયણ-વોંધ (ભચાઉ)





ભુજ મંદિર દ્વારા અછત ગ્રસ્ત વિસ્તારોમાં ગાયોને ૨૦૦ ટ્રકથી વધુ લીલા સૂકા ચારાનું વિતરણ કરાયું.





શ્રી સહજાનંદ બાગ ગાયો માટે તૈયાર થયેલ ઘઉંનો પાક લેવા પધારેલ સંતો તથા ભક્તો-લેર (કુકમા)





શ્રી સ્વામીનારાયણ કન્યા વિદ્યા મંદિરનું ભૂમી પૂજન કરતા યજમાનશ્રી તથા પૂ. મહંત સ્વામી આદિ સંતો-પિયાવા (માંડવી)





શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો-ઈષ્ટ લંડન





॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં બિરાજતા શ્રી નરનારાયણ આદિ દેવોના નિત્યદર્શન તેમજ સત્સંગ કથા-વાર્તાનો લાભ લેવા ઈચ્છતા ભક્તોએ નીચે જણાવેલ નંબર ઉપર વોટ્સએપ મેસેજ કરી પોતાનું પરૂં નામ અને અત્યારનું સરનામું નામ સાથે મુકવું.

**મો. +919735925023**1

*From:- S S Temple Bhuj-Kutch.*

પાટોત્સવ પ્રસંગે રાજોપચાર-ઈષ્ટ લંડન

## માંડવી શ્રીઘનશ્યામ મહારાજનો ૧૫મો વાર્ષિક પાટોત્સવ, અક્ષરભુવન તથા સુવર્ણદ્વાર ઉદ્‌ઘાટન મહોત્સવ

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં તા.૦૨/૦૪/૨૦૧૫થી તા. ૦૬/૦૪/૨૦૧૫ સુધી શ્રીઘનશ્યામ મહારાજનો ૧૫મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેમાં શ્રીઘનશ્યામ મહારાજના નૂતન સુવર્ણદ્વાર, વડીલો તથા ડિસેબલ વ્યક્તિઓ માટે લીફ્ટ, તથા શ્રીજી મહારાજની અમૂલ્ય એવી પ્રસાદીની વસ્તુઓ કાયમ જળવાઈ રહે એ માટે અક્ષરભુવનના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રીપુરુષોત્તમનારાયણ ભગવાનના ચરિત્રો અનો મહિમાથી ભરપૂર એવા શ્રીપુરુષોત્તમપ્રકાશ ગ્રંથની પંચાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

કથાના વક્તાપદે ભુજ મંદિરના સુપ્રસિધ્ધ કથાકાર શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ પોતાની મધુરવાણી વડે હરિભક્તોને ભાવવિભોર કર્યા હતા. કથાના પ્રથમ દિવસે બેન્ડપાર્ટી અને બહેનો દ્વારા નંદપંક્તિના સંતોના કીર્તનોની રમઝટ સાથે પોથીયાત્રા માંડવી પ્રસાદી મંદિરેથી પ્રસ્થાન કરીને નૂતન મંદિરના સહજાનંદ સભામંડપમાં વિરામ પામી હતી. ત્યારબાદ દીપપ્રાગટ્ય કરીને કથાની શરૂઆત કરવામાં આવી. બપોર પછીના સત્રમાં શ્રીપુરુષોત્તમભગવાનનો પ્રાગટ્યોત્સવ સાથે રાસોત્સવ ધામધૂમથી ઉજવાયો. અને રાત્રે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવકમંડળના યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. બીજા દિવસે રાત્રે શ્રીસંસ્કારધામ માંડવીના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્રીજા દિવસે કથા વિરામ બાદ ગ્રહણ નિમિત્તે સમુદ્ર કિનારે ભગવાનના મંગલમયનામની ધૂન, કીર્તનો તથા કથાવાર્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચોથા દિવસે પૂ. મોટા મહારાજશ્રીનું આગમન થયું. સાથે ભુજ ચોવીસીની ૨૪ મંડળીઓ તથા માંડવીના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવકમંડળના યુવાનો તથા યુવતીમંડળના બહેનો તથા અન્ય સર્વે હરિભક્તોએ શ્રીઠાકોરજીની શોભાયાત્રા સાથે સામૈયું કર્યું. પૂ. મોટા મહારાજશ્રી સભામાં પધાર્યા હતા અને આ પ્રસંગે મહોત્સવના યજમાનો તથા સર્વે અન્ય હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. રાત્રીના સમયમાં માંડવીના ચારેય કાંધાના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવકમંડળના યુવાનોની મહાસભામાં "એક નિશાન રાજીપો" આપણા ઈષ્ટદેવ કેમ રાજી થાય અને એ રાજીપો કાયમ કેવી રીતે રહે એ વિષય ઉપર શા. કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામીએ ખુબજ છણાવટ કરીને યુવાનોને સમજાવ્યું હતું.

અંતિમ દિવસે શ્રીઘનશ્યામ મહારાજનાં ૧૫મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પંચામૃતથી મહાઅભિષેક કરવામાં આવ્યો હતો. માંડવી મંદિરના ગોર મહારાજે યજમાન દ્વારા પૂજન કરાવ્યા બાદ પૂજારી સંતોએ તથા મોટા મહારાજશ્રીએ અભિષેક કર્યો હતો. પાટોત્સવના યજમાન પ.ભ. નારણ સામજી હીરાણી સુપુત્ર અશોકભાઈ સહપરિવારે લીધો હતો. ત્યારબાદ ભુજમંદિરના મહંત સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી યજમાનો સાથે રહીને મોટા મહારાજશ્રીએ સુવર્ણદ્વારનું પૂજન કરીને ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ ઠાકોરજીની આગળ વિવિધ વાનગીઓ વડે ગોઠવાએલા અન્નકૂટની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રીજીમહારાજની પ્રસાદીની વસ્તુઓથી સંગ્રહિત થયેલા અક્ષરભુવનનું પૂજન કરીને ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડીલો તથા ડિસેબલ વ્યક્તિઓ માટેની લીફ્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. કથાના અંતિમ સત્રની સભામાં પૂ. મોટા મહારાજના આશીર્વાદ સાથે સમાપ્તિની આરતી કરી અને મહોત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

- શ્રી ઘનશ્યામ મહારાજના સુવર્ણ દ્વારના યજમાનશ્રી :-

મનસુખભાઈ હીરજી વેકરીયા, ધ.પ.

હંસાબેન - માંડવી, મેઘજીભાઈ મનજી આશાણી, ધ.પ. મેઘબાઈ - માંડવી, વીરજીભાઈ મેઘજી પિંડોરીયા, ધ.પ. મેઘબાઈ - માંડવી, રવજીભાઈ જાદવજી ખીમાણી, ધ.પ. ભાવિકાબેન - દહીંસરા, નરેન્દ્રભાઈ રમેશચંદ્ર રાવલ, ધ.પ. નીતાબેન, દેવરાજભાઈ રવજી વેકરીયા, ધ.પ. રસીલાબેન - રામપર, રામજીભાઈ રવજી હાલાઈ, ધ.પ. સુંદરબેન - માંડવી, ખીમજીભાઈ શીવજી ભુડીયા, ધ.પ. ધનુબેન - માંડવી, કુંવરજીભાઈ જાદવજી છભાડીયા, ધ.પ. પ્રેમીલાબેન - માંડવી, શીવજીભાઈ સામજી વેકરીયા, ધ.પ. રતનબેન - માંડવી, સામજીભાઈ નારણ કેરાઈ, ધ.પ. રાધાબેન - માંડવી, નારણભાઈ દેવજી વેકરીયા, ધ.પ. કાન્તાબેન - માંડવી, દેવજીભાઈ હરજી રાબડીયા, ધ.પ. મેઘબાઈ - માંડવી, મનજીભાઈ નારણ કારા, ધ.પ. રાધાબેન - માંડવી, વિનોદભાઈ કાનજી રાબડીયા, ધ.પ. મંજુલાબેન - માંડવી, હીરજીભાઈ મનજી કારા. ધ.પ. હીરબાઈ - માંડવી, દિનેશભાઈ મનજી રાબડીયા - ધ.પ. રસીલાબેન - માંડવી, ધનજીભાઈ કેશરા વેકરીયા, ધ.પ. ધનબાઈ - માંડવી, કુંવરજીભાઈ પ્રેમજી વેકરીયા, ધ.પ. રામબાઈ - માંડવી, ધનજીભાઈ રામજી કેરાઈ, ધ.પ. ધનબાઈ - માંડવી, માવજીભાઈ લાલજી સાંખલા, ધ.પ. ધનુબેન - નેત્રા

વાર્ષિક પાટોત્સવના યજમાનશ્રી : નારણભાઈ સામજી હિરાણી, ધ.પ. હીરાબાઈ, અશોકભાઈ નારણ હિરાણી, ધ.પ. જ્યોત્સનાબેન - માંડવી

અક્ષરભુવનના યજમાનશ્રીઓ :- માંડવી બહેનોના મંદિરના મહંત સાં.યો. રતનબેન તથા ઉપમહંત સાં.યો. કાનબાઈ આદિ સર્વે સાં.યો. બહેનો, પ્રેમજીભાઈ દેવજી વેકરીયા, ધ.પ. રાધાબાઈ - નારણપર, હરજીભાઈ પ્રેમજી વેકરીયા, ધ.પ. મેઘબાઈ - માંડવી, પ્રેમજીભાઈ મનજી હીરાણી, ધ.પ. ધનબાઈ - માંડવી

પંચાહ્ન પારાયણના યજમાનશ્રીઓ :- સાં.યો. ધનબાઈ હીરજી હાલાઈ ગુરુ સાં.યો. મોટા મેઘબાઈ - માંડવી, દાદાશ્રી ખીમજીભાઈ રામજી હાલાઈ - માંડવી, પિતાશ્રી હીરજીભાઈ ખીમજી હાલાઈ

અહેવાલ :- સ્વામી રાઘવમુનિદાસજી

## માંડવી નૂતન મંદિરનું ખાતમુહૂર્ત

ભુજ મંદિરનું હેઠળનું માંડવી મંદિર વિસ્તારના એક ભાગ કોડાય વિસ્તારના ભક્તો માટે કોડાય ગામની નજીક નવા શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત શીલાન્યાસ વિધિ તા. ૨૪-૪-૨૦૧૫ વૈશાખ સુદ-૬ના રોજ ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં મંદિરના મુખ્ય દાતા પ.ભ. મેઘજીભાઈ રવજી પિંડોરીયા સહપરિવારે તથા માવજીભાઈ કરસન હાલાઈ પરિવારે ખાંત વિધિનો લાભ લીધો હતો. આ પ્રસંગે આવેલા હરિભક્તોને કથાનો લાભ શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ આપ્યો હતો. પધારેલા સંતોએ પણ ભલામણની સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. અંતે મહંત સ્વામીએ કોડાય વિસ્તારના ભક્તોની ઈચ્છા ભુજ મંદિર સ્વીકારી અને મંદિર થઈ જશે અને સૌ ભક્તો સાથે મળી સત્સંગની કાળજી રાખજો અને સંપીને રહેજો એળા શુભાશીર્વાદ સાથે સંતો યજમાનો સાથે વિધિ સંપન્ન કર્યો હતો. આવેલા સૌ ભક્તો પ્રસાદી લઈ છૂટા પડ્યા હતા. કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ કાર્ય સંપન્ન થયું હતું.

અહેવાલ :- સ્વામી સર્વમંગલગદાસજી

## સેલારી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ચતુર્થ પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર સેલારી(વાગડ)માં બહેનોના મંદિરનો ચતુર્થ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેના અંતર્ગત જયશ્રીબાઈ ગોકર કારોત્રા, જશોદાબાઈ મેઘા આરેઠીયા, હેતલબાઈ નારણ સુથાર એ બહેનોએ સાંખ્યોયગના પ્રથમ લાલ સાડલા ગ્રહણ કર્યા હતા. આ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજથી સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, અમદાવાદ ભાટ વિશ્રાંતિ ભુવનથી પુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી રામસ્વરૂપદાસજી, માંડવી મંદિરના મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી મુકુન્દજીવનદાસજી તથા કોઠારી પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા કચ્છના વિવિધ મંદિરો તથા ગુરુકુળોમાંથી આશરે ૫૦ જેટલા સંતો તથા સમગ્ર કચ્છના બહેનોના ગુરુપદે રહેલાં ભુજ મંદિરના મહંત સામબાઈ, માંડવી તથા અંજાર તથા અન્ય ગામડાઓમાંથી આશરે ૩૫ જેટલાં સાં.યો. બહેનો પધાર્યા હતા.

આ કાર્યક્રમમાં એક દિવસીય પારાયણનું આયોજન થયું જેના વક્તાપદે શા. સ્વામી નારાયણપ્રિયદાસજી રહીને પોતાના મધુર કંઠે પુરુષોત્તમપ્રકાશની કથા સંભળાવીને શ્રોતાજનોને આનંદિત કર્યા હતા. ત્યારબાદ રાપર મંદિરનું બાંધકામ સંભાળી રહેલા કે.પી. સ્વામી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, માંડવી મંદિરના મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ ત્રણેય બહેનોને અભિનંદન તથા તેમનું જીવન સદાય ભક્તિમય, ત્યાગમય અને સેવાપારાયણ રહે એવા ખૂબ જ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તથા મહંત સાં.યો. સામબાઈએ પણ ત્રણેય બહેનોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ ઠાકોરજીનો પંચામૃતથી અભિષેક કરી અને અન્નકૂટની આરતી કરી. ત્યારબાદ સૌ ઠાકોરજીનો મહાપ્રસાદ લીધો અને આ ઉત્સવની પૂર્ણાહુતિ કરી. આ સમગ્ર ઉત્સવના યજમાનપદે દિક્ષા ગ્રહણ કરનાર જયશ્રીબેનના પિતાશ્રી ગોકરભાઈ હોથી કારોત્રા રહ્યા હતા. અને આ શુભ પ્રસંગે ઠાકોરજીને રસોઈ, સંતોને ધોતીયાં અને ભુજ શ્રી નરનારાયણદેવને તથા માંડવી, અંજાર અને પ્રસાદી મંદિર, ભુજ એમ ત્રણેય મંદિરોને ભેટ અર્પણ કરી હતી. આ સમગ્ર ઉત્સવનું સંચાલન નારણપર ગુરુકુળના સંચાલક શા. સ્વામી ધર્મચરણદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- આંબાભાઈ ઉકા બારવડીયા

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર, પિયાવા

માંડવી પિયાવામાં ચાલતા સહજાનંદ ટ્રસ્ટ અંતર્ગત શ્રીસહજાનંદ ગોકુલ હોસ્પિટલ, ગૌશાળા, શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર વગેરે વિવિધ વિભાગો સાથે ૯ એકરની ભૂમિનું દાન વેકરીયા પરિવાર દ્વારા માતૃસંસ્થા શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજને થયું હતું. તેમાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરમાં આશરે ૨૫૦ કન્યાઓ અભ્યાસ કરે છે. પણ સમયને અનુસારે સંકળાશ થતાં અન્ય સંકુલોનું નિર્માણ થાય એ માટે તા. ૭-૪-૨૦૧૫ના દિવસે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ મંદિરેથી સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા ભુજમંદિરના વિદ્વાન શા. સ્વામી સિધ્ધેશ્વરસ્વરૂપદાસજી, માંડવી મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા કોઠારી પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, અંજાર મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી આદિ અન્ય સર્વે નાના મોટા ૬૦ જેટલા સંતો પધાર્યા હતા.

ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ તથા બ્રહ્મનિષ્ઠ સંતોના રાજીપા માટે નાના મોટા સૌ દાતાશ્રીઓ એ વિવિધ સેવા માટે પોતાની શક્તિ પ્રમાણે

દાનનો ધોધ વહાવ્યો હતો. આ દાનની રકમમાંથી ભવિષ્યમાં માંડવી તથા અન્ય આસપાસના ગામડાઓના હરિભક્તોની ૧૦૦૦ થી ૧૫૦૦ દિકરીઓ પોતાના ધર્મમાં રહીને અભ્યાસ કરી શકે એ માટે વિશાળ સ્કૂલ બિલ્ડીંગ, કન્યા છાત્રાલય, પ્રાર્થનાખંડ તથા ભોજનાલયનું નિર્માણ થશે. જેનું સંચાલન તે સંસ્થાના ટ્રસ્ટીઓ, માંડવી મંદિરના જે તે સમયના કોઠારી તથા સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તથા સ્વામી દેવપ્રકાશદાસજી તથા ભુજ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા થશે.

આ પ્રસંગે ભૂમિપૂજનના યજમાન પ.ભ. વીરજી મેઘજી પિંડોરીયા તથા રામજી રવજી હાલાઈ, નાગલપર પરિવારે લીધો હતો. આ પ્રસંગે આવેલા વિદેશના દાતાશ્રીઓ પણ સહયોગ આપ્યો હતો. પ.ભ. સામજીભાઈ કેરાઈ, શીવજીભાઈ વેકરીયા તથા ખીમજીભાઈ ભુડીયા આ ત્રણ પરિવારે ભોજનાલય પ્રાર્થના મંદિરની મૂર્તિ સિંહાસન સાથેના યજમાન રહ્યા હતા.

અહેવાલ :- પાર્ષદ જગદીશ ભગત

## વિશેષ સત્સંગ સભા, સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે તા. ૨૯-૩-૧૫ રવિવારના રોજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા રાત્રીય વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં વડીલો, યુવાનો અને બાળકો ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રાત્રીય સભામાં કથા-કીર્તન બાદ સૌ સાથે મળીને ૧૦-૧૦ના ગ્રુપમાં યુવાનો જોડાયા હતા અને તેમાં દરેક ગ્રુપમાં એક વડીલ હરિભગત પણ જોડાયા હતા. સૌ પ્રથમ તો આ સભામાં 'સત્સગ ક્વીઝ'નું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક ગ્રુપના સભ્યોને વારાફરતી એક એક પ્રશ્ન પુછવામાં આવેલ અને યુવાનો તેનો ઉમંગભેર જવાબ આપેલ. આ સત્સંગ ક્વીઝ બાદ દરેક ગ્રુપમાં જોડાયેલ એક-એક વડીલ હરિભગત સાથે સત્સંગ સમાગમ કરેલ. આ સત્સંગ સમાગમમાં જે યુવાનને સત્સંગને લગતા પ્રશ્ન હોય તે વડીલોને પૂછીને એની જાણકારી પ્રાપ્ત કરેલ. આ સભામાં યુવાનો વિશેષ આનંદનો લાભ લીધેલ હતો. ત્યારબાદ સૌ યુવાનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

અહેવાલ :- કિશોર આર. પિંડોરીયા, સુખપર

## સિનુગ્રા

તા. ૭-૪-૧૫ના અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીના મંડળના સંતો સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી દિવ્યપ્રસાદદાસજી સિનુગ્રા પધાર્યા હતા. બે ટાઈમ હરિભક્તોને કથા-કીર્તન ભજનનો લાભ આપ્યો હતો. આ લાભ લેવા અંજાર, માધાપરના હરિભક્તો પણ લેવા આવતા.

અહેવાલ :- પૂજારી લાલજીભાઈ

## ભુજ મંદિર દ્વારા નેપાળમાં ભૂકંપ ગ્રસ્તોની સહાય

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા નેપાલમાં આવેલ ગોઝારા ભૂકંપમાં હજારો લોકો મરણ પામ્યા છે તો પૂ. મહંત સ્વામી અને સંવેદના સાથે પરમ સુખની પ્રાર્થના કરી છે અને અસર ગ્રસ્ત લોકો માટે સંતો તથા હરિભકતોની ટીમ નેપાળ મોકલી લોકોની સેવાનો લાભ લીધો છે. લોકો માટે કપડા, વાસણ તથા ખાદ્ય સામગ્રી પહોંચતી કરવામાં આવી છે. સાથે શ્રી નરનારાયણદેવની કૃપા અને સંતોના આશીર્વાદ મોકલાવ્યા છે કે નેપાળના દેશવાસીઓ જલ્દીથી સ્વસ્થ થાય અને રાબેતા મુજબ પોતાનું જીવન પસાર કરે.

દેશ—વિદેશના મંદિરોના પ્રતિનિધિઓ તરફથી આવેલ સેવાને ભુજ મંદિર સ્વીકારી લોકો સુધી પહોંચાડી છે.

—કોઠારી સ્વામી

# વિદેશ સમાચાર



## વિવિધ ઉત્સવો - શ્રી સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટ લંડન

ઠાકરથાળી :-

તા. ૨૨-૨-૨૦૧૫ને રવિવારે પ.ભ. કુમારી અશમીનાબેન લાલજીભાઈ વેકરીયા તથા કુમારી બહેન કેશાબેન લાલજીભાઈ વેકરીયાના જન્મદિન તથા ઉચ્ચ કક્ષાની વકીલ પરીક્ષામાં પાસ થયેલ તે નિમિત્તે ઠાકરથાળી અને તા. ૮-૩-૨૦૧૫ને રવિવારે પ.ભ. ચંદેશભાઈ ગૌરીશંકર પંડ્યા પરિવાર ગામ સુખપર વાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ તથા સુપુત્રો વિરલ અને ધિરલ હસ્તે બાલ ઘનશ્યામ મહારાજને સોનાની ચેન અર્પણ કરેલ.

શ્રી સહજાનંદ ગુજરાતી શાળા બાળકોને પ્રસાદ નાસ્તો :-

તા. ૨૮-૨-૨૦૧૫ને શનિવારે બાળકોની સભા પછી પ.ભ. શ્રીશનાબેન તથા પ.ભ. કુમારી ઉર્વીબેન તરફથી બાળકોને સાંજે નાસ્તો અર્પણ કરવામાં આવેલ હતો.

શ્રી રામનવમી તથા શ્રી સ્વામિનારાયણ જયંતી :-

તા. ૨૮-૩-૨૦૧૫ને શનિવારના દિવસે બપોરે શ્રીરામ ભગવાનની આરતી તથા સાંજે શ્રી સ્વામિનારાયણ ભગવાનની આરતી ઉતારવામાં ભાવિક ભક્તોએ લાભ લીધેલ. સાંજની આરતીમાં સૌથી વધારે આંક પ.ભ. ભીમજીભાઈ શીવજીભાઈ ગામી તથા પ.ભ. રમેશભાઈ શીવજીભાઈ ગામી હસ્તે પિતાશ્રી શીવજીભાઈ ભચુ ગામી પરિવારે આરતીનો લાહવો લીધેલ.

સપ્તાહ પારાયણ :-

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન મધ્યે બહેનો દ્વારા સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ હતું. આ કથાનો પ્રારંભ તા. ૩૦-૩-૨૦૧૫ ચૈત્ર સુદ એકાદશી સોમવારના કરવામાં આવેલ અને પૂર્ણાહુતિ તા. ૫-૪-૨૦૧૫ને રવિવારે કરવામાં આવેલ.

આ કથાના વક્તાપદે સ્વામી કેશવપ્રિયદાસજી તથા સ્વામી દેવનંદનદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં સર્વે ભક્તોને કથા રસપાન કરાવેલ. આ દિવસે બહેનો દ્વારા બાલ સ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજને સોનાના દાન, નાના લાલજી મહારાજ તે, અભિષેક ઠામવાસણીનાં સોનેરીદાન, યુ.કે.નાં તમામ મંદિરોને થાળ, દેશમાં ભુજ, અંજાર, માંડવી થાળ, વિદ્યાર્થીઓને ભોજન પ્રસાદ અર્પણ કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રી એરવિંદભાઈ વેકરીયા


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

દેશમાં
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

વિદેશમાં
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# અભિમાન ન કરવું




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળ મિત્રો, જય શ્રીસ્વામિનારાયણ... પરીક્ષા પૂરી થઇ ગઇ અને વેકેશન પણ પડી ગયું હવે તો મજા મજાને મજા. પરીક્ષાનું રિઝલ્ટ આવી ગયું અને બધા પાસ થઇ ગયા હશો. કોઇકને ઓછા ટકા કોઇકને વધુ ટકા મળ્યા હશે પણ હોશિયારીનું અભિમાન ન આવી જાય એ વિચારજો આપણથી પણ કોઇક બળિયા હોય છે એ વિશેની ભીમ અને હનુમાનની વાર્તા સાંભળીયે.

પાંચ પાંડવો અને દ્રૌપદીજી વનમાં રહેતા હતા. એવામાં એક દિવસ હજાર પાંખડીવાળું કમળનું એક ફુલ પવનમાં ઊડતું આવ્યું અને દ્રૌપદીના પગ આગળ પડ્યું.

ફુલ દ્રૌપદીને ખૂબ ગમી ગયું.

તેણે ભીમને કહ્યું, 'મને આવાં બીજાં ફૂલ લાવી આપો !' 'હમણાં લાવી દઉં !' કહી ભીમ ફૂલ જે દિશાએથી ઊડી આવ્યું હતું તે દિશાએ ઊપડ્યો. ભીમને પોતાના બળનું ખૂબ અભિમાન હતું. જતાં જતાં એ વિચાર કરતો હતો કે દુનિયામાં આ ભીમ જેવો બીજો ભીમ નથી.

ભીમના આ અભિમાનની હનુમાનજીને ખબર.

તેમને ભીમ માટે ખૂબ લાગણી હતી. ભીમને તેઓ પોતાનો નાનો ભાઇ ગણતા હતા. તેથી તેમને થયું કે ભીમ બળનું આવું અભિમાન કરે તે સારું નહિ. કોઇની પાસે ધનનું બળ હોય, કોઇની પાસે વિદ્યાનું બળ હોય, કોઇની પાસે શરીરનું બળ હોય પણ કોઇએ એ બળનું અભિમાન કરવું જોઇએ નહિ. કારણ કે અભિમાન કરે તે છેવટે દુઃખી થાય છે.

તેથી ભીમનું અભિમાન છોડાવવા તેમણે એક યુક્તિ કરી. તેઓ સાધારણ વાનર જેવા થઇને ભીમના જવાના રસ્તામાં આડા સૂઇ ગયા. થોડીવારમાં ભીમ ત્યાં આવી પહોંચ્યો. વાંદરાને રસ્તામાં સૂતેલો જોઇ તેને બિવડાવી કાઢવા એણે જોરથી બૂમ પાડી. ભીમની બૂમ એટલે જાણે સિંહની ગર્જના ! પણ આ ગર્જનાની વાંદરા પર કશી અસર થઇ નહિ.

ત્યારે ભીમે કહ્યું, 'અલ્યા એઇ વાંદરા, અહીં રસ્તા વચ્ચે કેમ સૂતો છે ? આઘો ખસ !'

હનુમાને કહ્યું, 'શું કરું ? મારું શરીર સારું નથી !'

ભીમે રુઆબથી કહ્યું, 'જાણે છે હું કોણ છું તે ? હું ભીમ છું, તારી પૂંછડી ઠેકાણે રાખ, નહિતો હમણાં મારા પગ હેઠળ છૂંદાઇ જશે.' હનુમાને દયામણો અવાજ કરી કહ્યું, 'અહોહો !!! તમે પોતે ભીમસેન છો ? તો બાપજી, જરી મારી પૂંછડી ખસેડીને રસ્તો કરી લોને ! હું શું કરું ? મારામાં તો જરી પૂંછડી ખસેડવાનું યે જોર નથી.

ભીમે કહ્યું, 'એટલે શું તારી ગંદી પૂંછડીને હું હાથ અડકાડું ?'

પછી હસીને ભીમ કહે, 'મારો હાથ અડતામાં તો તારી પૂંછડીના ચાર ટુકડા થઇ જશે અને તુંયે ક્યાંયનો ક્યાં જઇ પડીશ !'

હનુમાને કહ્યું, 'એવું થશે તોય હું તમને દોષ નહિ દઉં !'

ભીમે કહ્યું, 'દે જેને ! મને વાંધો નથી. !'

આમ કહી હનુમાનને ઊંચકીને ફેંકી દેવા ભીમે એમની પૂછડી જોરથી ખેંચી. પણ પૂંછડી જાણે જમીન સાથે ચોંટી ગઇ હોયને શું , તે જરી ઊંચી સુધ્ધાં થઇ નહિ. ભીમે તે બે હાથે પકડી, તોયે તે ખસી નહિ, ભીમે ફરી જોર કર્યું, ફરી જોર કર્યું, એની આંખો કપાળે ચડી ગઇ, એનું મોં લાલ થઇ ગયું, પણ પૂંછડી ન ખસી કે ન ઊંચકાઇ.

ભીમને ખૂબ શરમાવા જેવું લાગ્યું.

હવે તેનું મન વિચારે ચડ્યું કે કોઇ વાંદરામાં આટલું બધું બળ હોય નહિ, માટે નક્કી આ કોઇ મહાપુરુષ છે. રામ ભક્ત હનુમાનજી તો નહિ હોય ?

તેણે નરમ થઇ હાથ જોડી કહ્યું, ''માનો ન માનો પણ આપ હનુમાનજી છો.''

એકદમ હનુમાનજી ઠેકડો મારી ઊભા થઇ ગયા અને પોતાના અસલ રૂપમાં પ્રગટ થયા. ભીમે એમને પ્રણામ કર્યા.

હનુમાને કહ્યું, 'તું મારો નાનો ભાઇ છે. પણ તને તારા બળનું ખોટું અભિમાન છે, એ તારું અભિમાન ઉતારવા માટે મારે તને આ પરચો દેખાડવો પડ્યો છે. બોલ હવે અભિમાન કરશે ?'

ભીમનું અભિમાન હવે રહ્યું ન હોતું.

એણે કહ્યું, ''તમારી દયાથી મારું એ અભિમાન ચાલ્યું ગયું છે.''

તે પછી હનુમાનજી અદ્રશ્ય થઇ ગયા.

ભીમે કમળ ફૂલવાળું સરોવર શોધી કાઢ્યું અને ત્યાંથી ઢગલા બંધ ફૂલ લઇને એ પાછો આવ્યો.

# -: જ્ઞાનસરિતા :-

## -: જ્ઞાનમાળા:-

આજની આ જ્ઞાન સરિતામાં જે કંઇ મુકવામાં આવ્યું છે તે બાલ સત્સંગ બુકમાંથી લેવામાં આવ્યું છે માટે જવાબ તદ આધારિત આપવા.

૧. શું કરવાનું મન હોય તેને સંતની રીતમાં રહેવું જોઇએ ?
(અ) સત્સંગ (બ) ભોજન
(ક) અભ્યાસ (ડ) નિયમ

૨. કયા સાધનથી ભગવાન રાજી થાય છે ?
(અ) તપથી (બ) સેવાથી
(ક) યાત્રાથી (ડ) પ્રસાદથી

૩. તમે તમારા ઘરને કેના જેવું પવિત્ર બનાવશો ?
(અ) શાળા (બ) બજાર
(ક) મંદિર (ડ) હોટલ

૪. ભગવાનને શરણે શું મનાય એજ સાચી બુદ્ધિ છે ?
(અ) સંયમ (બ) દાન (ક) ધર્મ (ડ) સુખ

૫. માણસ શું કરે ત્યારે જ સર્વે ગુણ શોભે છે ?
(અ) કૃષ્ણ ભક્તિ (બ) તપ (ક) નિયમ (ડ) દાન

૬. કોની સંગત છોડી દેવી જોઇએ ?
(અ) ભક્તની (બ) દુષ્ટની
(ક) ચંચળની (ડ) મોટાની

૭. નિયમમાં કસર રૂપી બારી મળે તો શું પ્રવેશ કરી જાય છે ?
(અ) પાણી (બ) માની (ક) કળી (ડ) જ્ઞાની

૮. સત્સંગમાં કેવા થઇને રહેવું જોઇએ ?
(અ) શૂરવીર (બ) ધર્મી (ક) વાદી (ડ) દાસના દાસ

૯. સત્સંગમાં કેવો ભાવ હોય તો સત્સંગમાં રહી શકાય ?
(અ) અલૌકિક ભાવ (બ) સંશય ભાવ
(ક) લૌકિક ભાવ (ડ) સમાન ભાવ

૧૦. શું તજીને અભ્યાસ કરે તો જ્ઞાનની વૃધ્ધિ થાય ?
(અ) ભોજન (બ) આળસ
(ક) ભજન (ડ) વાતો

## ઓળખી બતાવો

૧. સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ, સંત કૃપાથી પામીએ, પૂરણ પુરૂષોત્તમ ધામ ॥ આ કાવ્ય કડી કયા ગ્રંથની છે

| |
|---|
| |

૨. સાચાને સોઘાં ઘણા, નથી મોંઘા થયા મહારાજ । ખોટાને ન મળે ખોળતાં, તે દિન કે વળી આજ ॥ આ કાવ્ય કડી કયા ગ્રંથમાં આવે છે

| |
|---|
| |

૩. બાળપણે જે ન ભણે જ જઈને, જરૂર પસ્તાય યુવાન થઈને । પશુ મનુષ્ય મહીં ભેદ એ છે, વિદ્યા ભલી માણસ તે ભણે છે ॥ આ કવ્યા કડી કયા ગ્રંથની છે

| |
|---|
| |

૪. સ શ્રીકૃષ્ણઃ પરંબ્રહ્મ, ભગવાન્પુરુષોત્તમઃ । ઉપાસ્ય ઈષ્ટદેવો નઃ, સર્વાવિર્ભાવકારણમ્ ॥ આ શ્લોક કયા શાસ્ત્રનો છે

| |
|---|
| |

૫. તમારા પ્રતાપ થકી પાંગળો પર્વત ચડે , તમારા પ્રતાપ થકી અંધને આંખ્યો જડે, તમારા પ્રતાપ થકી મુકો મુખે વેદ ભણે, તમારા પ્રતાપ થકી રંક તે રાજા બણે, ॥ આ કાવ્ય કડી કયા ગ્રંથની છે

| |
|---|
| |

## -: શબ્દ રચના :-

બાલ મિત્રો, નીચે આપેલ શબ્દ રચનામાં બાલ સત્સંગમાં આપેલી પ્રતીજ્ઞાઓ મૂકેલ છે તેને આપેલા ઉદાહરણ પ્રામાણે સમજી વિચારીને પૂર્ણ કરો.

| | | | |
|---|---|---|---|
| (૧) હું | વં | | ન |
| (૨) હું | | લ | ક |
| (૩) હું ભગવાનને ધરાવેલું | જ | મી | શ |
| (૪) હું | જ | ત | |
| (૫) હું | શ | | ણ |
| (૬) હું | મ | | દ |
| (૭) હું | | પ | ડાં |
| (૮) હું | | જા | રુ |
| (૯) હું | આ | | ર્શ |
| (૧૦) હું | ખ | | બ |

### સરનામું

નામ.......................................................

ગામ .........................તાલુકો.........................

ઉંમર............શાળા.......................................

ધો.............. મો.ન..........................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૧/- | ભાવના હરજી વરસાણી | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | માવજી ઝીણા વાઘાણી ધ.પ. સામબાઈ | સુખપર | નવો બોર બનાવ્યો તે નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | રામજી લાલજી વરસાણી | માધાપર | નવી ગાડી ફોર વ્હીલર ખરીદી તે નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | લાલજીભાઈ વીરજીભાઈ સાંખલા | નડિયાદ | ચિ. દીપ વિશાલના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | અ.નિ. વાલજી લાલજી વેકરીયા પરિવાર હ. ગોવિંદ વાલજી | બળદીયા | તેમના મોક્ષાર્થે સમૂહ ભાગવત નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | કુંવરજી હરજી કેરાઈ | નગલપર | મહાપૂજા નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | અ.નિ. વેલીબાઈ વિશ્રામ સેંઘાણી હ. જશુબેન | નારણપર | સમૂહ ભાગવત પોથી નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | જશુબેન કિશોર કેરાઈ | કેરા | પુત્ર રવિલાલના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૩૦૦/- | અ.નિ. વેલજી પ્રેમજી પિંડોરીયા | માધાપર | પુણ્યસ્મૃતિમાં માધાપર મંદિરમાં કથા પારાયણ ધ.પ. અ.નિ. માનબાઈ વેલજી પિંડોરીયા નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | દિવ્ય વાલજી ભુડીયા | સુરજપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | દેવજીભાઈ સામજી છાંગા | હીરાપર | નવી ફોર વ્હીલર ગાડી ખરીદી તે નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | હરજી મનજી આશાણી હ. માવજી તથા | માંડવી | માંડવીમાં શ્રી ઘનશ્યામ મહારાજના સુવર્ણદ્વાર શાંતિ તથા જંયતીભાઈ તથા પાટોત્સવ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | માવજી દેવજી કેરાઈ | બળદીયા | શ્રીનરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | ચમનલાલ ભારમલભાઈ ઠક્કર | ભચાઉ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | નીલ વિનોદ વાઘજીયાણી હ. ગીતાબેન | નારણપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૧૦/- | પ્રવિણ માવજી હીરાણી | કોડકી | રેશ્મા (બળદીયા) સાથે સગાઈ થતાં તે નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | અંજલી દિનેશ ગામી હ. રસીલા લક્ષ્મણ | કેરા | જન્મદિવલસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | વિશ્રામ કાનજી કારા, ભીમજી લાલજી | રામપર-વેકરા | પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ |
| ૩૦૦/- | મહેન્દ્ર અરજણ લાલજી દબાસીયા પરિવાર | માધાપર | સુપુત્રી ચિ. નીનાના લગ્ન સુખપરના હ.અરજણભાઈ પ્રવિણભાઈ લાલજી વરસાણીના સુપુત્ર ચિ. સંજય સાથે લંડનમાં નક્કી થતાં |
| ૧૦૦/- | વિનોદ પરબત ભુડીયા | માનકુવા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | શિવજી કરસન હીરાણી | મિરજાપર | પ્રસાદી મંદિરમાં રાસોત્સવ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | માધવી રમેશભાઈ હીરાણી | મેઘપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | વિવેક રમેશભાઈ મુળજીભાઈ ભુવા | સુખપર | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | અ.નિ. રતનબાઈ ખીમજી ભુડીયા અ.નિ. ખીમજીભાઈ પાંચાભાઈ ભુડીયા હ. સુપુત્રો દેવશીભાઈ તથા દેવજીભાઈ પરિવાર | માધાપર | કથા પ્રસંગે ભેટ |
| ૧૦૧/- | હિનાક્ષીબેન મુકેશભાઈ પઢારીયા | મુંબઈ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦૧/- | શિવજીભાઈ કેશરા હાલાઈ | દહીંસરા | સુત રવિલાલ અને પ્રકાશભાઈ સહપરિવાર સમૂહ ભાગવતમાં પોથી યજમાન નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | દિપક માવજી વરસાણી | માધાપાર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | હિતેશ લાલજી હીરાણી હ. લાલજી કાનજી વિશ્રામ હિરાણી | નારણપર | હિતેશના લગ્ન નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | અ.નિ. કેશરબાઈ કરસન કેરાઈ | નારણપર | તેમના મેક્ષાર્થે ભેટ |
| ૫૦૧/- | દિપક મનજીભાઈ વેકરીયા | મિરજાપર | લગ્ન પ્રસંગ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | દિપક કાનજી ગોરસીયા | સુખપર | લગ્ન પ્રસંગ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | ભરત વિશ્રામ વાઘજીયાણી | સુખપર | ચિ. ભરતના લગ્ન નિમિતે ભેટ |
| ૨૫૦/- | મુળજી નાનજી હીરાણી | માનકુવા | નવી ગાડી લીધી તે નિમિત્તે ભેટ |

# શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો-અંજાર



















RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2015

# શ્રી ઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી પાટોત્સવ, સુવર્ણ દ્વાર તથા અક્ષરભુવન ઉદ્‌ઘાટન મહોત્સવ ધામધૂમથી ઉજવાયો-માંડવી

